89

130

॥ ૐ ॥

# સંસ્કૃત સાહિત્યની રૂપરેખા

જન્મ
૧૮૬૨



દેહાવસાન
૧૮૮૪

**સ્વ૦ રાજકુમાર શ્રી જુવાનસિંહજી જસવંતસિંહજી સાહેબ**
( સ્વ૦ મહારાજા શ્રી તખ્તસિંહજી સાહેબના લઘુબંધુ )

*

—: લેખક :—
**શાસ્ત્રી નર્મદાશંકર જ. રાવલ, સાહિત્યાચાર્ય, કાવ્યતીર્થ, S. T. C.**

*

—: પ્રકાશક :—
**શ્રી પ્રતાપસિંહજી રામસિંહજી રાઓલ ( રામધરી દરબાર )**

*

પુસ્તક પ્રાપ્તિસ્થાન :—શ્રી નર્મદાશંકર શાસ્ત્રી, ઠે:- જુ. સં. પાઠશાળા, ભાવનગર

સંવત ૨૦૧૫ * મૂલ્ય : પચાસ નયા પૈસા * વસંતપંચમી

## —: सम्मत्यौ :—

*

आनन्दमेति मे मानसमवलोक्य श्री नर्मदाशंकरलिखितम्पुस्तकमिदम् । लेखकाभिनवप्रयत्नोऽयं नितरां सुरभारतीवाङ्मयसारजिज्ञासूनामन्तेवासिनां महदुपकाराय स्यादिति मम मतं विद्यते । यतो गुर्जरभाषायां लिखितोऽतिसंक्षिप्त: सुबोध: संस्कृतसाहित्यज्ञानसम्पादको ग्रन्थो न मे दृष्टिपथमायात: । अपरिचितवाङ्मयज्ञानं मातृभाषयाऽतीव सरलम्भवतीत्यत्र न कस्यचिद्विमति: । परञ्च लेखकोऽयमनेन लघुकलेवरेणापि सारगुरुणा ग्रन्थेन गीर्वाणवाणीमन्तरा समुत्पाद्य रुचिं छात्राणामन्त:करणेषु करोत्येव महतीं सेवामस्यां अमरवाण्या इति न किमयं यत्न: प्रशंसनीय: ।

प्रकरणव्यवस्थाऽत्र यथानियमं कृताऽस्ति । प्रथमं संस्कृतभाषाप्रकरणं सकलविबुधजनचेतोहारि बालमन: संतोषदमिति प्रथममेवाभाति । वाचनेनास्य भवत्युत्सुको वाचकोऽग्रिमं भागं वाचयितुम् । एतादृशोऽयमनुपम: सद्ग्रन्थ आह्लाददक: समेषां प्रीतये भवतु ग्रन्थ: । लेखकमहामनीषा च सुफलिता भूयाद्गिरादेवी प्रसादत: ।

| | |
|---|---|
| सौराष्ट्र संस्कृत पाठशाला,<br>जामनगरम् ।<br>दिनांक. २४-१-५९ | पं. रा. वि. कौण्डिन्य:<br>M. A. B. T. काव्यतीर्थ,<br>(सुवर्णपदक)<br>निरीक्षक : |

× × ×

श्रीनर्मदाशंकरशास्त्रिण: "संस्कृतसाहित्यरूपरेखा" भिधं स्वल्पवपुरपीदं पुस्तकं संस्कृतभाषास्वरूपं बुभुत्सूनां प्रविविक्षूणां च गौर्जरभाषाभाषिणां प्राथमिकच्छात्राणां निश्चप्रचमुपकारकं स्यादिति मदीया मनीषा । लेखनलब्धायासोऽपि तेषां प्रशस्य इति शम् ।

| | |
|---|---|
| सौराष्ट्र विद्वत् परिषद्<br>जामनगरम् ।<br>दि. ९-२-५९ | पं. महाशंकर न. त्रिवेदी,<br>वेदान्तशास्त्री, काव्यवेदान्ततीर्थ ।<br>प्रमुख : |

## —: પ્રકાશકના બે બોલ :—

**બાલ**કના વિકાસમાં ઇતિહાસની શિક્ષાનું મહત્વ પૂર્ણ સ્થાન છે. આથી આજે **"સંસ્કૃત સાહિત્યની રૂપરેખા"** નામનું પુસ્તક પ્રકાશિત કરતાં મને ઘણો હર્ષ થાય છે. આ જાતનું એક પણ પુસ્તક ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયું નથી તેમ મારૂં માનવું છે. સંસ્કૃત ભાષાના સાધારણ જ્ઞાન પહેલાં સંસ્કૃત ભાષામાં શું શું લખાયેલ છે, તે જાણવું અતિ આવશ્યક છે. આ વસ્તુને લક્ષ્યમાં રાખી લેખકે આ પુસ્તક સરળ રીતે લખેલ છે.



લેખક : શાસ્ત્રી નર્મદાશંકર જ. રાવલ

લેખકે સંસ્કૃત ભાષાનો તેમનો પરિસ્થિતિમાં સારો એવો અભ્યાસ કર્યો છે. સાથોસાથ હિન્દી તેમજ ઇંગ્લીશનું પણ જ્ઞાન ધરાવે છે. અભ્યાસ ઉપરાંત તેઓ સંસ્કૃત ભાષાના પ્રખર પ્રચારક છે તેમ તેમના ભાવનગરમાં સંસ્કૃત ભાષાના પ્રચાર ઉપરથી જણાય છે. મને જાણવા મળ્યું છે કે તેઓએ ૧૯૫૩ના ગ્રીષ્માવકાશમાં અપરિચિત રાજકોટ શહેરમાં સ્થાનિક બાર શિક્ષકોના પૂર્ણ સહકાર (વિના વેતન) મેળવી એક માસ સુધી સંસ્કૃતના નિઃશુલ્ક વર્ગો ચલાવ્યા હતા. આ વર્ગનો ૧૫૦ ભાઇઓએ અને ૨૪૦ બહેનોએ લાભ લીધો હતો. વર્ગની સમાપ્તિ તે સમયના શિક્ષણ પ્રધાન શ્રી જાદવજી મોદી સાહેબના પ્રમુખપદે થઇ હતી આ માટે રાજકોટના શિક્ષકો આભારી છે પરંતુ આ કાર્ય ઊભું કરનાર અને ચલાવનાર લેખક હતા, જેમણે બે ત્રણ સ્કૂલોમાં સંસ્કૃત ભાષાનું મહત્વ સમજાવી આ કાર્ય શરૂ કરવાનું વિચાર્યું હતું.

આ પુસ્તક પ્રકાશિત કરવામાં મુખ્ય બે કારણો છે. પ્રથમ કારણ એ છે કે શ્રી નર્મદાશંકર શાસ્ત્રી જે પાઠશાળામાં આચાર્ય તરીકે કાર્ય કરે છે તે પાઠશાળાની સ્થાપના રાજકુમાર શ્રી જુવાનસિંહજી સાહેબના પુણ્ય સ્મરણાર્થે કરવામાં આવેલ છે. રાજકુમારની અપ્રતિમ માતૃ તથા પિતૃ ભક્તિથી, મોટાભાઇની આજ્ઞાને ઈશ્વર આજ્ઞા સમજવાની શક્તિથી અને વિદ્યા પ્રેમથી પરમ સંતોષ પામીને અને મારા જીવન પુષ્પને વિકસાવવામાં પરોક્ષ રીતે સ્વ. જુવાનસિંહજી સાહેબના ઠકરાણા **બાઇસાહેબબા** સહાયભૂત બનેલ હોવાથી આ પ્રકારના અનુંપમ ઉપકારના સ્મરણથી આ લઘુ પુસ્તિકા પ્રકાશિત કરી મારી જાતને ધન્ય માનવાનો નાનકડો લાભ ઉઠાવવા નમ્ર પ્રયાસ કરૂં છું. બીજું કારણ એ કે શ્રી નર્મદાશંકર શાસ્ત્રી અત્યંત ઉત્સાહી યુવક છે. તેઓ સંસ્કૃત ભાષાના પ્રખર પ્રચારક છે. તેમના સંસ્કૃત પ્રચારમાં હું કંઇક આ રીતે સહકાર આપી શકું તો મારી જાતને ધન્ય માની શકું. આ હેતુથી પણ પુસ્તક પ્રકાશિત કરતાં મને ખૂબ જ આનંદ થાય છે.

હું આશા રાખું છું કે આ લેખકની પ્રથમ કૃતિ "સરળ સંસ્કૃત વ્યાકરણ"ને આપ સર્વેએ જે રીતે ઉત્સાહભેર અપનાવી લીધી છે, તેવી રીતે આ દ્વિતીય રચનાને પણ અપનાવી, યુવાન લેખકના કાર્યમાં પૂર્ણ સહકાર આપી સંસ્કૃત ભાષાના પ્રચારમાં સહાયભૂત થશો, એ જ નમ્ર અભ્યર્થના.

પ્રકાશક

કૃષ્ણભુવન, વાઘાવાડી રોડ,
ભાવનગર

પ્રતાપસિંહ રામસિંહજી રાઓલ
(રામધરી દરબાર)

તા. ક. સ્વ. શ્રી જુવાનસિંહજી સાહેબની જીવન ઝરમર ટાઇટલ પેઇજ ત્રીજા પાના ઉપર આપેલ છે.

# ભૂમિકા

**સંસ્કૃત** ભાષા ભારતની મૂળ ભાષા છે. ભારતના બધાં પ્રાન્તોમાં ભિન્ન ભિન્ન ભાષાઓનો ઉપયોગ થાય છે તે સત્ય છે, પરંતુ તપાસ કરતા આપણે જાણી શકીએ છીએ કે પ્રત્યેક પ્રાન્તીય ભાષામાં લગભગ સોમાં સિત્તેર શબ્દ સંસ્કૃત ભાષાના હોય છે. આનો અર્થ એ કે પ્રત્યેક પ્રાન્તમાં સીત્તેર ટકા જેટલી સંસ્કૃત ભાષા બોલાય છે. પછી તે શબ્દ સંસ્કૃત હોય, તદ્ભવ હોય કે તત્સમ હોય. આથી સંસ્કૃત ભાષાના સાહિત્યનું પ્રાથમિક જ્ઞાન પ્રત્યેક બાલક-બાલિકાને હોવું આવશ્યક છે. આ હેતુથી પ્રેરાઇ તમારા હાથમાં આ લઘુ પુસ્તક "સંસ્કૃત સાહિત્યની રૂપરેખા" મૂકતા ઘણો હર્ષ થાય છે. આ પુસ્તકમાં સંસ્કૃત ભાષા સંબંધી તથા તેના સાહિત્ય સંબંધી તમોને ઘણું જાણવા મળશે એમ મારું દૃઢ માનવું છે.

આ પુસ્તકને તૈયાર કરવામાં પ્રો. શ્રી બળદેવ ઉપાધ્યાય રચિત સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ તેમજ સંસ્કૃત વાઙ્મય વિગેરે ગ્રન્થો ઉપયોગી થયા છે તેથી હું તે વિદ્વાનોનું ઋણ સ્વીકારું છું.

આ પુસ્તકને પ્રકાશિત કરી આપ સહુ સમક્ષ મૂકવાની તક આપવા બદલ સંસ્કૃત પ્રેમી **શ્રી પ્રતાપસિંહજી રામસિંહજી રાઓલ** (રામધરી દરબાર)નો ખૂબ જ આભારી છું. કારણ કે જો તેઓશ્રીએ આ પુસ્તક પ્રકાશિત કરવાનો વિચાર ન કર્યો હોત તો આટલુ જલ્દી આપના હાથમાં મૂકી ન શકયો હોત તે સત્ય વાત છે. પ્રેસ કોપી કરવામાં મદદ કરનાર મારા વિદ્યાર્થીઓ શ્રી દુર્ગાશંકર દવે તથા શ્રી બિહારિલાલ પંડયાને ભૂલી શકું તેમ નથી. પુસ્તકને ટૂંક સમયમાં અને ધીરજથી સારી રીતે છાપવા બદલ શ્રી સત્યનારાયણ પ્રિન્ટીંગ પ્રેસના માલિક શ્રી પ્રભુદાસભાઇ ડોડિયાનો આભાર માનું છું. આ પુસ્તિકાના અભિપ્રાય માટે બે શબ્દ લખી આપવા બદલ સૌ. સં. પા. ના નિરીક્ષક સાહેબનો તથા સૌ વિ. પરિષદ્‌ના પ્રમુખશ્રીનો આભાર માનું છું.

આદરણીય વિદ્વાનો અને સ્નેહપાત્ર વિદ્યાર્થી દોસ્તોને નમ્ર પ્રાર્થના છે કે માનવસુલભ દોષના કારણે જે અશુદ્ધિઓ રહી ગઇ હોય તે ક્ષમ્ય ગણી સૂચન કરી આભારી કરશો.

અન્તે જુવાનસિંહજી સંસ્કૃત પાઠશાળાના આચાર્ય હોઇ આ દ્વિતીય રચના સ્વ. શ્રી જુવાનસિંહજી સાહેબને નમ્ર નિવાપાંજલિ રૂપે અર્પણ કરું છું.

—લેખક

# પ્રકરણ પહેલું
# સંસ્કૃત ભાષા

"**સં**સ્કૃત ભાષા"ના શબ્દથી કયો માનવી અજાણ્યો હોઇ શકે? જે ભાષા સંસારની જુનામાં જુની ભાષા છે. આ દેવવાણી દ્વારા આપણા પૂર્વજોએ વેદના મંત્રોનો ઉચ્ચાર કર્યો હતો. આધ્યાત્મિક વાતોને સમજાવનારા ઉપનિષદો પણ આ ભાષામાં નિબદ્ધ થયેલાં છે, જે માનવ બુદ્ધિના વિકાસની અંતિમ અવસ્થાને બતાવનાર છે. ક્રૌંચ પક્ષીના વધથી સર્વજીવ તરફ સમભાવ રાખનાર મહર્ષિ વાલ્મીકિએ આજ ભાષામાં રામાયણની રચના કરી છે. જગવિખ્યાત થયેલ કૌરવો અને પાંડવોનું વર્ણન આ દેવ વાણિમાં મહાભારતની રચના મહર્ષિ વ્યાસે કરેલ છે. ભારતીય સંસ્કૃતિના મૂળને યોગ્ય રીતે સમજાવનાર અને ભવસાગર તારનાર પુરાણોની રચના પણ સંસ્કૃત ભાષામાં થયેલ છે. પોતાના જીવન ઉદ્યાનના કીર્તિ પુષ્પની સૌરભને સર્વત્ર પ્રસરાવનાર મહા કવિઓ–લેખકોએ પોતાના અનુપમ ગ્રન્થોની રચના આજ ભાષામાં કરી છે. અર્થાત પૃથ્વીની ઉત્પત્તિથી લઈ પ્રલય સુધી જ્ઞાન, ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાંના કોઈ પણ પુરુષાર્થની પ્રાપ્તિ, આર્યોની પ્રાચીન રીતિ, રુઢિ અને પરંપરાના જ્ઞાન અને પરા તથા અપરા વિદ્યાન, જ્ઞાનની પ્રાપ્તિ આ ભાષા દ્વારા થઇ શકે છે. ટૂંકમાં લૌકિક ઉન્નતિ અને પારલૌકિક નિઃશ્રેયસની સિદ્ધિ કરાવનાર જેટલા જ્ઞાન અને વિજ્ઞાનના સાધનો, શાસ્ત્રો તથા ગ્રન્થો ભિન્ન ભિન્ન ભાષામાં લખાયેલ છે તે બધાનું જ્ઞાન જો એક જ ભાષાના જ્ઞાનથી પ્રાપ્ત કરવું હોય તો તે છે સંસ્કૃત ભાષા.

સંસ્કૃત ભાષાના બે પ્રકારો આપણાં જોવામાં આવે છે. ૧ વૈદિક અને ૨ લૌકિક વૈદિક ભાષાનો ઉપયોગ વેદ તથા બ્રાહ્મણ ગ્રન્થોમાં જોવામાં મળે છે અને ઇતર જેટલું સંસ્કૃત સાહિત્ય જોવા મળે છે તે બધું લૌકિક ભાષામાં લખાયેલ છે.

સંસ્કૃત ભાષા અતિ પ્રાચીન છે. તેમ આપણે માનીએ છીએ, પરંતુ વિશ્વના લોકોના મતનો ઉલ્લેખ કરીએ તો આજે મિશ્ર દેશનું સાહિત્ય ઘણું પ્રાચિન મનાય છે પરંતુ તે સાહિત્યનો સમય ઈ. સ. પૂર્વે ચાર હજારનો નક્કી થયેલ છે, જ્યારે લોકમાન્ય તિલકે વેદની ભિન્ન ભિન્ન ઋચાઓનો સમય ઇ. સ. પૂર્વે છ હજારનો માનેલ છે આ હિસાબે પણ સંસ્કૃત ભાષા પ્રાચિન છે તેમ નક્કી થાય છે.

ઘણાં લોકોનું એમ માનવું છે કે સંસ્કૃત ભાષાનું સાહિત્ય એટલે ધાર્મિક સાહિત્ય: પરંતુ આ વિધાન અસંભવિત છે. વેદમાં પણ અનેક આખ્યાનો છે જે દ્વારા લોકોને કૌટુમ્બિક તથા સામાજિક અને રાજકીય જ્ઞાન પ્રાપ્ત થાય છે. રામાયણ એટલે રામ અને રાવણનું યુદ્ધ જ નહિ પરંતુ વ્યક્તિમાં રહેલાં ગુણો અને અવગુણોનું બતાવનાર પારદર્શક યંત્ર.

મહાભારત એટલે ઝઘડાઓનું મેદાન જ નહિ પરંતુ સત્ય અને અસત્યની ચકાસણી. આ ઉપરાંત કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, વાત્સ્યાયનું કામશાસ્ત્ર અને ભરતનું નાટ્યશાસ્ત્ર ઉપર કલમ ચલાવવી સાધારણ વાત નથી. અને આ શાસ્ત્રો દ્વારા ભિન્નભિન્ન જ્ઞાન પ્રાપ્ત થાય છે. ટૂંકમાં સંસ્કૃત ભાષાના સાહિત્યમાં આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક જ્ઞાનનો અનુપમ ભંડાર ભરેલો છે.

સંસ્કૃત ભાષા કેવળ લખવા માટે જ ઉપયોગી હતી તેમ નથી, પરંતુ બોલચાલની પણ ભાષા હતી. આ વાતની સાબિતી આપણને મહર્ષિ યાસ્કના "નિરુક્ત" નામના મહત્વપૂર્ણ ગ્રન્થથી મળે છે. આ ગ્રન્થમાં યાસ્કે સંસ્કૃતને ભાષા તરીકે વર્ણવેલી છે એને વૈદિક કૃદન્ત શબ્દોની વ્યુપત્તિ લોકવ્યવહાર ધાતુઓથી સિદ્ધ કરેલ છે. ઉદાહરણ રીતે "શવતિ"નો અર્થ કમ્બોજમાં જવા માટે થતો હતો, જ્યારે આર્યો "શવ"નો અર્થ મડદું કરતા હતા. આથી સ્પષ્ટ થાય છે કે યાસ્કના સમયમાં (આજથી ૨૭૦૦ વર્ષ પૂર્વે) સંસ્કૃત ભાષા બોલચાલની ભાષા હતી.

પાણિનિ મુનીએ પણ પોતાના વ્યાકરણના સૂત્રોમાં નમસ્કાર કરવા માટે અને દૂરથી બોલાવવા માટે પ્લુત સ્વરનો પ્રયોગ કર્યો છે. આ ઉપરાંત વ્યવહારિક દંડાદંડી, કેશાકેશી વિગેરે શબ્દનો પ્રયોગ કરેલ છે. આથી પાણિનિના સમયમાં સંસ્કૃત ભાષા બોલચાલની ભાષા હતી તેમ સિદ્ધ થાય છે. પાણિનિ યાસ્કથી બસો વર્ષ બાદ થયા.

પાણિનિ પછી કાત્યાયન અને પતંજલીના સમયમાં સંસ્કૃત ભાષામાં નવા નવા શબ્દોનો પ્રયોગ થયેલ જોવા મળે છે જેવી રીતે પાણિનિએ "યવનાનિ" શબ્દનો પ્રયોગ યવનની સ્ત્રી કરેલ છે જ્યારે કાત્યાયને તેનો અર્થ યવનની ભાષા કરેલ છે. આ ઉપરાંત પતંજલીના મહા ભાષ્યમાં એક સુંદર સંવાદ જોવા મળે છે. રથ ચલાવનારને વ્યાકરણ શાસ્ત્રીએ પૂછ્યું કે આ રથનો "પ્રવેતા" કોણ છે ત્યારે સારથીએ કહ્યું કે ભગવન્, આ રથનો "પ્રાજીતા" હું છું. આ ઉત્તર સાંભળીને વ્યાકરણ શાસ્ત્રીએ અશુદ્ધ શબ્દ બતાવ્યો ત્યારે સારથીએ જવાબ આપ્યો કે શાસ્ત્રીજી, આપ કેવળ સૂત્રોને જાણો છો પ્રયોગને જાણતાં નથી. આ વાર્તાલાપથી સિદ્ધ થાય છે કે સારથી સુધી સંસ્કૃત ભાષા બોલચાલની ભાષા તરીકે પહોંચી ગઇ હતી.

ધારા નરેશ રાજા ભોજના સમયની તે વોબીની વાત આપણે કદી ભૂલી શકીએ તેમ નથી કે જેણે પોતાનો પરિચય સંસ્કૃતમાં આપ્યો હતો. આ રીતે સંસ્કૃત ભાષાનું મહત્વ કેવળ ભારતીય સંસ્કૃતિના પ્રચાર પૂરતું જ નથી પરંતુ ભારતીયનું જીવન જ સંસ્કૃતમય છે આ કારણથી ભિન્ન ભિન્ન પ્રદેશોમાં સાંસ્કારિક એકતા ટકી શકી છે અને આનો યશ સંસ્કૃત ભાષાના ફાળે જાય છે તેમ કહેવું અતિશયોક્તિ ભર્યું નથી.

પ્રકરણ બીજું

# વેદ

**વેદ** ભારતીય ધર્મનું સર્વસ્વ છે. તે મહર્ષિઓ દ્વારા અનુભવ કરાયેલ તત્ત્વોનો સાક્ષાત્ પ્રતિપાદક છે. વેદના અનુકુળ સિદ્ધાન્તોને બતાવનાર સ્મૃતિ અને પુરાણગ્રન્થો વિગેરે ભારતીય સંસ્કૃતિને માન્ય છે. વેદના મુખ્ય બે ભાગ છે. મંત્ર અને બ્રાહ્મણ. મંત્રોના સમૂહને સંહિતા કહે છે. બ્રાહ્મણ ગ્રન્થોમાં યજ્ઞ-યાગાદીનું વિસ્તૃત વર્ણન છે. બ્રાહ્મણ ગ્રન્થોના ત્રણ વિભાગ છે. બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ્ આ બધાને શ્રુતિ તરીકે આપણે ઓળખીએ છીએ.

**ઋગ્સંહિતા** મંત્રોની સંહિતાઓ ચાર છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ સંહિતાઓનું સંકલન મહર્ષિ વેદવ્યાસે કરેલ છે. આ ચારેય સંહિતાઓમાં **ઋગ્સંહિતા** અતીવ પ્રાચીન છે. આ વેદમાં દસ વિભાગો છે. તે "મંડલ" શબ્દથી ઓળખાય છે. આમાં ૧૦૨૮ સૂકતો છે. આ સૂકતો વડે ઈશ્વર વિભૂતિની સ્તુતીઓ કરાયેલ છે. જે સ્તુતિઓ દ્વારા સૃષ્ટિનું રહસ્ય પ્રકાશિત થયેલ છે. આ વેદમાં ૫૩ છંદો, ૨૯૫ ઋષિએ અને ૭૯ સ્તુત્ય દેવોના નામો મળે છે, અને મંત્રોની સંખ્યા લગભગ ૧૧ હજારની છે.

**યજુર્વેદ:** મત્સ્ય અને કૂર્મ પુરાણના અનુસાર ત્રેતાયુગમાં યજુર્વેદ એક જ હતો.

હાલમાં યજુર્વેદના બે પ્રકાર જોવા મળે છે. શુકલ અને કૃષ્ણ યજુર્વેદ. શુકલ યજુર્વેદની ૧૫ શાખાઓ છે. જેવી કે કાણ્વ, માદયંદિનિ, જાબાલ, પારાશરીય, ગાલવ વિગેરે. વાસજનેય શુકલ સંહિતામાં ૧૯૯૦ મંત્રો છે. ૪૦ અધ્યાયો છે. શુકલવેદની બધી શાખાઓમાંથી બે મુખ્ય શાખાઓ છે, એક માદયન્દિનિ શાખા અને કાયજુ શાખા.

**સામવેદ** : આ વેદમાં બધા મંત્રો ગાન યોગ્ય છે, આ સંહિતાની કૌથુમ, જૈમિનીય અને રાણાયણીય નામની ત્રણ શાખાઓ મળે છે. પ્રથમ શાખા ગુજરાતમાં, બીજીશાખા દક્ષિણમાં અને ત્રીજી શાખા કર્ણાટકમાં પ્રચલિત છે. સામવેદમાં પૂર્વાર્ચિક તથા ઉત્તરાર્ચિક નામના બે વિભાગો છે. પૂર્વાર્ચિકમાં ૭ પ્રપાઠક અને ૫૮૫ ઋચાઓ છે જયારે ઉતરાર્ચિકમાં નવ પ્રપાઠકો અને ૧૨૨૫ ઋચાઓ છે. સામવેદના ૧૩ આચાર્યો થઈ ગયા છે.

**અથર્વવેદ:** અથર્વવેદની ૯ શાખાઓ છે. આ વેદમાં ૨૦ કાંડો છે. અને ૩૮ પ્રપાઠકો અને ૭૬૦ સૂકતો છે. મંત્રોની સંખ્યા ૭ હજારની છે.

## વેદોનું પૂરક સાહિત્ય

**ઋગ્વેદ:** ઋગ્સાહિત્યમાં બે બ્રાહ્મણ ગ્રન્થો છે. ઐતેરય અને શંખાયન. ઐતેરય બ્રાહ્મણમાં ૪૦ અધ્યાયો છે અને આઠ પંજીકાઓ છે. શંખાયનમાં ત્રીશ અધ્યાયો છે. આ બન્ને બ્રાહ્મણ

ગ્રન્થોમાં ઘણા આખ્યાનો છે. ઋગ્સાહિત્યમાં આરણ્યક ગ્રન્થો ઘણા છે. આ ગ્રન્થોમાં બ્રહ્મવિદ્યાના અધ્યયન દ્વારા પરમાત્માની ચર્ચામાં ઋષિઓનો જનકલ્યાણમય વિચારોના અનુપમ સંગ્રહ છે. ઐતરેય આરણ્યકના પાંચ ગ્રન્થો છે.

ઋગ્સાહિત્યમાં શ્રૌતસૂત્રો છે, કર્મકાન્ડના વિષયના સૂત્રોને શ્રૌતસૂત્રો કહેવામાં આવે છે. ઋગ્વેદના શ્રૌતસૂત્રોમાં આશ્વલાયન અને શાંખાયન બે ગ્રન્થો છે. પહેલાં ગ્રન્થમાં બાર અધ્યાયો છે અને બીજા ગ્રન્થમાં ૪૮ અધ્યાયો છે, આ સાહિત્યમાં શૌનકમુનિ વિરચિત ઋગ્પ્રાતિશાખ્ય પણ છે, આ ગ્રન્થના ત્રણ કાંડ છે.

**યજુર્વેદપૂરક સાહિત્ય :** કૃષ્ણ યજુર્વેદની ૧૨ શાખાઓ હતી ત્યારબાદ સાત થઇ. આ વેદમાં સાત કાન્ડ છે શુકલયજુર્વેદ સંહિતાના બ્રાહ્મણ ગ્રંથોમાં શતપથ બ્રાહ્મણગ્રંથ પ્રસિદ્ધ છે. માધ્યન્દિનિ શાખાના શતપથમાં ૧૪ કાંડો છે. ૧૦૦ અધ્યાયો અને ૬૮ પ્રપાઠકો છે. કાણ્વશાખીય શતપથમાં ૧૭ કાંડો છે.

**સામવેદ પુરક સાહિત્યમાં** આર્ચિક ગ્રન્થો વિવિધ શાખામાં વિભકત થયેલ છે. જો કે સામવેદ "સહસ્ત્રવર્ત્મા" હજાર શાખાઓવાળો કહેવાય છે તથાપિ હાલમાં ૧૩ શાખાઓ ઉપલબ્ધ છે, સામવેદના બ્રાહ્મણ ગ્રન્થોમાં "તાન્ડયમ' મહા બ્રાહ્મણ નામનો ગ્રંથ પ્રસિદ્ધ છે.

**અથર્વવેદ પુરક સાહિત્ય**–અથર્વવેદના બ્રાહ્મણ ગ્રન્થોમાં "ગોપથ બ્રાહ્મણ" સુપ્રસિદ્ધ છે. અન્ય વેદોના કરતાં અથર્વવેદના ઉપનિષદો ઘણાં છે, મુક્તિક ઉપનિષદમાં ૯૭ ઉપનિષદો અથર્વવેદના ગણવામાં આવ્યા છે.

## ઉપવેદો

વેદોમાંથી ઉપવેદોની રચના થયેલ છે (૧) ઋગ્વેદનો આયુર્વેદ, યજુર્વેદનો ધનુર્વેદ, સામવેદનો ગાંધર્વવેદ. અને અથર્વવેદનો અર્થશાસ્ત્ર ઉપવેદ કહેલ છે, આ ચારેય ઉપવેદો વિશિષ્ટ જ્ઞાનવાળા છે. આજીવિકાનું જ્ઞાન અર્થશાસ્ત્રમાં, શસ્ત્રાસ્ત્રપ્રયોગોનું જ્ઞાન ધનુર્વેદમાં, મોક્ષસાધક સંગિતનું જ્ઞાન ગાન્ધર્વ વેદમાં અને શારીરિક સ્વાસ્થ્ય સંપાત્તનું જ્ઞાન આયુર્વેદમાં છે.

## ઉપનિષદો

**ઉપનિષદ્** શબ્દ ઉપ+નિ ઉપસર્ગપૂર્વક સદ્ધાતુથી બનેલો છે, સદ્ધાતુના ત્રણ અર્થો છે. નાશથવું, પ્રાપ્ત કરવું અને શિથિલ કરવું. આ ઉપનિષદોના અધ્યયનથી મુમુક્ષુ પ્રાણિઓની અવિદ્યા નાશ થાય છે, બ્રહ્મ પ્રાપ્તિ થાય છે અને સંસારના દુઃખો નાશ થઇ જાય છે. આથી ઉપનિષદ્ શબ્દ સાર્થક છે. વૈદિક સાહિત્યમાં ઉપનિષદોનું સ્થાન છેવટે આવે છે તેથી તેને વેદાન્ત પણ કહેવામાં આવે છે. ઉપનિષદોની સંખ્યા ૧૦૮ આઠ છે. પરંતુ ૧૧

ઉપનિષદો ઉપર વેદાન્તના પ્રસિદ્ધ આચાર્ય શિરોમણીએ ભાષ્ય લખેલ છે. તે આ છે–ઇશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડુકય, તૈતિરીય, એતરેય, છાન્દોગ્ય, બૃહદારણ્ય અને શ્વેતાશ્વતર. આ બધાં ઉપનિષદોમાં આત્મજ્ઞાન છે. ગદ્ય અને પદ્યમાં રચાયેલાં છે. ઉપનિષદ્ વિશ્વ સાહિત્યનું વિશેષ અંગ છે. ઉપનિષદ્ ભારતીય સંસ્કૃતિને બતાવનારૂં મહત્વનું અંગ છે. આના દ્વારા ભારતીય ઋષિઓએ તે જમાનામાં પણ પોતાની બુદ્ધિના ચરમ વિકાસને બતાવેલ છે. પ્લેટો તેમજ અન્ય પાશ્ચિમાત્ય વિદ્વાનો પણ માને છે કે ઉપનિષદો આંતરિક શાન્તિ અને બાહિક શાન્તિનું પરમ સાધન છે. અધ્યાત્મવેત્તા ઋષિઓએ સતત પરિવર્તનશીલ જગતના મૂળમાં રહેલ શાશ્વતતત્વને શોધી કાઢ્યું છે જેનું નામ "બ્રહ્મ" છે. જીવાત્મા તથા પરમાત્માનું જ્ઞાન કરાવવું તે ઉપનિષદોનો મુખ્ય સિદ્ધાન્ત છે. અનેક આખ્યાનો પણ ઉપનિષદોમાં છે.

ભાષાઓનું મૂળ–ભાષાશાસ્ત્રીઓએ સિદ્ધ કર્યું છે કે સર્વ પ્રથમ આર્ય ભાષા અને સેમેટિક ભાષા એમ બે ભાષાઓ હતી આર્યભાષાના બે ભેદો છે. પશ્ચિમી અને પૂર્વી. પશ્ચિમી ભાષા એટલે ગ્રિક, લેટીન, ફ્રેંચ, ઇગ્લીશ વિગેરે. પૂર્વીના બે ફાંટા પડે છે. ઇરાની અને ભારતીય. ભારતીય ભાષાનું મૂળ સંસ્કૃત છે. સંસ્કૃતમાંથી પ્રાકૃત, અપભ્રંશ, માગધી, શૌરસેની, ગુજરાતી, મરાઠી, બંગાળી. વિગેરે નિકળેલ છે. ટૂંકમાં અમુક ભાષાઓને બાદ કરતા ભારતમાં બોલાતી બધી ભાષાઓ સંસ્કૃતમાંથી જ નિકળી છે તેમ ભાષાશાસ્ત્રીઓનો મત છે.

## વેદાંગ સાહિત્ય

બ્રાહ્મણ કાળ પછી સૂત્રકાળ શરૂ થાય છે. સૂત્રકાળ એટલે અલ્પ શબ્દો દ્વારા વિપુલ અર્થોનું જ્ઞાન. યજ્ઞયાગના અધિક વિસ્તારથી નાના ગ્રન્થોની માંગ ઉભી થઇ. આ નૂતન ગ્રંથો વેદના અર્થ તથા વિષયને સમજાવવા માટે નિતાન્ત ઉપયોગી થયા. તેથી તેને વેદાંગ કહેવામાં આવે છે. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ. આ અંગોમાં વ્યાકરણવેદોનું મુખ, જ્યોતિષ નેત્ર, નિરુક્ત નાસિકા અને છન્દ બન્ને પાદો કહેવાય છે.

**૧. શિક્ષા**–આનાથી વેદના ઉચ્ચારણનું સારી રીતે જ્ઞાન થાય છે, વેદોમાં સ્વરોનું અતિ મહત્વ છે સ્વરની નજીવી ભૂલ થવાથી મહાન અનર્થ થઇ જાય છે, પ્રત્યેક વેદની અલગ શિક્ષાઓ છે, આ ઉપરાંત પાણિનિ મુનિની શિક્ષા પણ પ્રચલિત છે.

**૨. કલ્પ**–કલ્પસૂત્ર બે પ્રકારના છે. શ્રૌત તથા સ્માર્ત સ્માર્તસૂત્રના બે ભાગ છે. ગૃહસ્થ અને ધર્મ સૂત્ર શ્રૌતસૂત્રોમાં ભારતીય યજ્ઞ પદ્ધતીનું મૂળ સ્વરૂપ તથા પર્યાપ્ત સામગ્રી છે, અને ગૃહસ્થ સૂત્રમાં અનુષ્ઠાન, આચાર તથા યજ્ઞોનું વર્ણન છે. વિશેષ કરીને આ સૂત્રોમાં સોળ સંસ્કારોનું અનુપમ વણન છે. ધર્મસૂત્રમાં ચારેય આશ્રમોનું અને ચારેય વર્ણોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે. સ્મૃતિઓનો જન્મ આ સુત્રો ઉપરથી જ થયો છે.

**૩. વ્યાકરણ**–વ્યાકરણનો ઉદ્દેશ્યવેદોના અર્થનાજ્ઞાન માટે તથા વેદના અર્થની રક્ષા કરવા માટે મુખ્ય છે. ભાષાનિયમ પ્રદર્શનજ વ્યાકરણનું મુખ્ય કાર્ય છે. સર્વવેદાઙગોમાં વ્યાકરણનું સ્થાન મુખ્ય છે. તેથી કહેવાય છે કે વ્યાકરણના જ્ઞાન વિના માનવ અંધ જેવો છે. સર્વ પ્રથમ વ્યાકરણના રચયિતા બ્રહ્મા છે. બીજા બૃહસ્પતિ છે. ત્યારબા દઈન્દ્રે વ્યાકરણની રચના કરી છે. ઇન્દ્રના વ્યાકરણમાં ૫૦૦૦ સૂત્રો છે. આ વ્યાકરણની રચના વિક્રમ સંવત્થી ૮૫૦૦૦ વર્ષ પૂર્વે થયેલ મનાય છે. પાણિનિ મુનિ પહેલાં અનેક વ્યાકરણના આચાર્યો થઇ ગયા છે. દાખલા તરીકે–આપિશલી, કાશ્યપ, ગાર્ગ્ય, ભારદ્વાજ, શાકટાયન, શાકલ્ય, અને સ્ફોટાયન. પ્રતિશાખ્ય ગ્રંથમાં ૫૭ આચાર્યોનો ઉલ્લેખ છે. હાલમાં પાણિનીય વ્યાકરણ પ્રસિદ્ધ છે. આ વ્યાકરણ "અષ્ટાધ્યાયી" નામથી પ્રસિદ્ધ છે. આ ગ્રંથમાં આઠ અધ્યાયો છે. દરેક અધ્યાયમાં ચાર પાદો આવેલા છે. આ ગ્રન્થમાં કુલ ૩૯૯૬ સૂત્રો છે. પાણિનિ મુનિનો સમય ઈ. સ. પૂર્વે સાતમા શતકમાં નિશ્ચિત થયેલ છે. તેમનો જન્મ લાહોરમાં થયો હતો.

**૪ નિરુકત**—વેદોના શબ્દ અને અર્થની પ્રાપ્તિ માટે નિરુકત જ પ્રમાણ ગ્રન્થ છે. આજે કેવળ એક જ નિરુકત પ્રાપ્તિ થાય છે અને તેના રચયિતા મહર્ષિ યાસ્ક છે. અતિ પ્રાચિનકાળથી નિઘંટુ નામનો ગ્રન્થ પ્રસિદ્ધ છે. આ ગ્રન્થમાં વેદોના કઠિન શબ્દોની ક્રમબદ્ધ સૂચી છે. આ ગ્રન્થ ઉપરથી યાસ્કે વિસ્તૃત ભાષ્ય બનાવ્યું છે, જેને આપણે નિરુકત કહીએ છીએ. યાસ્ક મુનિનો સમય ઇ. સ. પૂર્વે ૭૦૦ વર્ષથી પ્રાચીન મનાય છે.

**૫ છંદ**–છંદ શાસ્ત્રના જ્ઞાન વિના વેદમંત્રનો સારી રીતે ઉચ્ચાર થઇ શકે તેમ નથી, કારણકે વેદના મંત્રો છન્દોબદ્ધ છે. ભાષામાં લાલિત્ય લાવવનું મુખ્ય કાર્ય છંદનું છે. છંદોબદ્ધ મંત્રના શ્રવણથી મનમાં નિરતિશય આનંદનો અનુભવ થાય છે. શૌનક વિરચિત ઋક્પ્રાતિ શાખ્યના અંતમાં છંદોનું પર્યાપ્ત વિવેચન છે, પરંતુ વેદાંગનો છંદશાસ્ત્રનો સ્વતંત્ર ગ્રંથ "પિંગળ" છે જે પિંગલ આચાર્યે બનાવેલ છે. આ ગ્રંથમાં વૈદિક તથા લૌકિક છંદોનું જ્ઞાન આપવામાં આવેલ છે. પિંગલાચાર્યે ૧૬૭૭૭૨૧૫ છંદોનું વિવરણ કરેલ છે. પરંતુ હાલમાં મુખ્ય ૫૦ છંદોનો ઉપયોગ જોવા મળે છે.

**૬ જ્યોતિષ**–વેદના અંગોમાં આ અંગનું ઠીક મહત્વ છે. વૈદિક જ્યોતિષ અને લૌકિક જ્યોતિષ આ પ્રમાણે બે ભાગ છે. વૈદિક જ્યૌતિષના પ્રાચીન ગ્રંથો અનેક છે. તેમાં "લગધ"નો ગ્રંથ પ્રસિદ્ધ છે. ભારતીય જ્યોતિષ શાસ્ત્રની ગણત્રીથી જગતની ઉત્પત્તિને વિક્રમ સંવત ૨૦૧૦ની સાલમાં ૧૯૫૫ ૮૦૩૫ વર્ષો થાય છે. વરાહમિહિરે લખેલ "બૃહત્સંહિતા" નામનો ગ્રંન્થ અત્યારે જોવા મળે છે.

લૌકિક જ્યોતિષ સિદ્ધાન્ત અને ફલિતથી બે ભાગોમાં વહેંચાયેલ છે. જેમાં ભૂગોળ, ખગોળ

વિગેરેનું વિસ્તૃત વર્ણન છે. તે સિદ્ધાન્ત જ્યોતિષને નામે પ્રસિદ્ધ છે. જન્મ સમયે સ્થાન વિશેષોમાં તે તે ગ્રહની સ્થિતિ અનુસાર ફળને બતાવનાર ફલિત જ્યોતિષના નામે ઓળખાય છે. ફલિત જ્યોતિષના જાતક, તાજીક, મૂહુર્ત પ્રશ્ન અને સંહિતા આમ પાંચ ભેદો છે.

### પ્રકરણ ત્રીજું

## પુરાણો

**વેદોમાં** પ્રતિપાદિત વિષયોનું સર્વ સુલભ રૂપ આપવા માટે વિસ્તારથી અને અતિશયોક્તિ અલંકારપૂર્ણ વાણીથી પુરાણોનું નિર્માણ પરમ કૃપાલુ ભગવાન વ્યાસ મુનિએ કરેલ છે. પુરાણોનો વિષય સૃષ્ટિ નિરૂપણ, વિસ્તાર, લય, પુનઃ સૃષ્ટિ, વંશાવલિ બ્રહ્મા અતિરિક્ત વિષ્ણુ, બ્રહ્મા, શંકર, સૂર્ય, ગણપતિ, શક્તિ અને ચોવીસ અવતારોનું લિલા વર્ણન પરમાત્માના સગુણરૂપની ઉપાસનાઓનો પ્રચાર, ભિન્નભિન્ન બહાનાથી સૃષ્ટિથી આરંભીને માનવ વિકાસનું વર્ણન કરવું, તે અઢારેય પુરાણો તથા ઉપપુરાણોનું મુખ્ય લક્ષ્ય છે.

**અઢાર પુરાણોના નામો**–બ્રહ્મ, પદ્મ, વિષ્ણુ, શિવ, ભાગવત, નારદ, માર્કંડેય, અગ્નિ, ભવિષ્ય, બ્રહ્મવૈવર્ત, લિઙ્ગ, વરાહ, સ્કંદ, વામન, કૂર્મ, મત્સ્ય, ગરુડ અને બ્રહ્માંડ છે. આ ઉપરાંત સનત્કુમાર, નરસિંહ, નાન્દિ, શિવધર્મ, દુર્વાસા, નારદીય, કપિલ, માનવ, ઉશનસ, બ્રહ્માંડ, વરૂણ, કાલિકા, વસિષ્ટ, લિઙ્ગ, મહેશ્વર, સામ્બ, સૌર, પારાશર, મારીચ અને ભાર્ગવ નામના ૨૦ ઉપપુરાણો છે. અઢારેય પુરાણોમાં મુખ્ય કથા વસ્તુનું નિરૂપણ આ પ્રમાણે છે.

**૧. બ્રહ્મ પુરાણ**–આ પુરાણમાં ૨૪૫ અધ્યાયો અને ૧૪ હજાર શ્લોકો છે. આમાં સૂર્ય અને ચંદ્રવંશનું વર્ણન, પાર્વતિ તથા માર્કંડેયઋષિનું આખ્યાન ભિન્ન ભિન્ન તીર્થોનું વર્ણન અને સાંખ્યયોગની સમીક્ષા કરવામાં આવેલ છે. આ પુરાણ સૃષ્ટિ, ભૂમિ, પાતાલ અને ઉત્તર એમ પાંચ ખંડોમાં વ્હેંચાયેલ છે.

**૨. વિષ્ણુ પુરાણ**–આ પુરાણ દાર્શનિક મહત્વની દૃષ્ટિથી ભાગવત પુરાણથી બીજે નંબરે આવે છે. આ પુરાણ વૈષ્ણવધર્મનું મૂળ આલંબન છે. આમાં છ પ્રકરણો તથા ૧૨૬ અધ્યાયો છે. આમાં સૃષ્ટિવર્ણન, ધ્રુવ અન પ્રહલાદ ચરિત્ર, ચારેય આશ્રમોનું કર્તવ્ય, યદુ, તુર્વસુ, પુરુ, અનુ અને દ્રુહ્યુ આ પાંચ પ્રસિદ્ધ ક્ષત્રિય વંશોનું વર્ણન છે. આ ઉપરાંત ભગવાન શ્રી કૃષ્ણનું અલૌકિક વર્ણન કરેલ છે.

**૩. વાયુ પુરાણ**–આ પુરાણ ઘણું પ્રાચીન છે. કાદમ્બરીના કર્તા બાણ ભટ્ટે આ પુરાણનો "પુરાણે વાયુ પ્રલપિતમ્" કહી ઉલ્લેખ કરેલ છે. આમાં ૧૧૨ અધ્યાયો છે. આ પુરાણોના

ચાર ખંડો છે જેને પાદ કહેવામાં આવે છે. આમાં સૃષ્ટિ ભૂગોળ તથા ખગોળનું અને પાશુપત યોગનું વિસ્તૃત વર્ણન કરેલ છે.

**૪. શ્રીમદ્ ભાગવત**—આ પુરાણ સંસ્કૃત સાહિત્યનું અનુપમ રત્ન છે. આ પુરાણ ભક્તિ રસનો ખજાનો છે. નિગમ કલ્પતરૂનું ગલિત અમૃત ફળ છે. વૈષ્ણવ આચાર્યોએ પ્રસ્થાન ત્રયીની માફક આ ગ્રન્થને ઉપજીવ્ય માનેલ છે. આ પુરાણનો પ્રભાવ વલ્લભ તથા ચૈતન્ય સંપ્રદાય ઉપર વિશેષ છે. આમાં દરેક પ્રકારની ભક્તિના ઉદાહરણો સાથે ચોવીસેય અવતારોની લિલાનું વર્ણન આપવામાં આવેલ છે. વિશેષ કરીને શ્રી કૃષ્ણભગવાનની અનુપમ લિલાનું સવિસ્તર વર્ણન હોવાથી આ પુરાણ જનતામાં વધુ પ્રિય થઇ ગયું છે.

**૫. નારદ પુરાણ**—આ પુરાણ પૂર્વ તથા ઉત્તર ભાગથી વ્હેંચાયેલ છે પૂર્વભાગમાં ૧૨૫ અધ્યાયો છે, તથા ઉત્તર ભાગમાં ૮૨ અધ્યાયો છે. આ પુરાણમાં શ્રાદ્ધ અને પ્રાયશ્ચિત્તાદિનું વિવરણ આપ્યા બાદ વ્યાકરણ, નિરુક્ત વિગેરે વેદાંતોનું વર્ણન કરેલ છે. વિષ્ણુભક્ત રુકમાંગદનું આખ્યાન સવિસ્તર આપેલ છે. આ પુરાણની વિશેષતા એ છે કે અઢારે પુરાણોના વિષયોની વિસ્તૃત અનુક્રમણિકા આપેલ છે.

**૬. માર્કંડેય પુરાણ**—આ પુરાણના રચયિતા માર્કંડેય ઋષિ છે, આમાં ૧૩૮ અધ્યાયો છે. આ અધ્યાયોમાં બ્રહ્મવાદિની મદાલસાનું પવિત્ર જીવનચરિત્ર પણ આપેલ છે આગ્રન્થમાંથીજ "દુર્ગાસપ્તશતિ" ની રચના થયેલ છે. જે ચંડીપાઠ નામે પ્રસિદ્ધ છે.

**૭. અગ્નિ પુરાણ**—આ પુરાણ સમસ્ત ભારતીય વિદ્યાઓનો ભંડાર છે. આમાં ૩૮૩ અધ્યાયો છે. અવતારોની કથાઓ સક્ષેપમાં બતાવી રામાયણ અને મહાભારતનું વિસ્તાર સાથે વર્ણન કરેલ છે. અદ્વૈત વેદાન્તના સિદ્ધાન્તોનો સાર તેમજ ગીતાનો સાર પણ આપેલ છે

**૮. ભવિષ્ય પુરાણ**—આ પુરાણ પાંચ પર્વોમાં વ્હેંચાયેલ છે. બ્રાહ્મ, વિષ્ણુ, શિવ, સૂર્ય તથા પ્રતિસર્ગ. ભવિષ્યમાં થનારી વાતોના ઉલ્લેખ સાથે આ પુરાણથી કલિયુગના વિભિન્ન ઐતિહાસિક રાજવંશોનો ઇતિહાસ પણ જાણવા મળે છે.

**૯. બ્રહ્મવૈવર્ત પુરાણ**—આ પુરાણના ચાર ખંડ છે. બ્રહ્મ, પ્રકૃતિ, ગણેશ તથા કૃષ્ણ જન્મ. મહાકવિભાસે બાલચરિતનું વસ્તુ આ પુરાણથી છે. તેથી આ પુરાણની રચના ત્રીજા શતક પહેલાં થઈ ગઇ હશે. આ પુરાણમાં શ્રી કૃષ્ણદ્વારા સૃષ્ટિનું વર્ણન કરવામાં આવેલ છે. આ ઉપરાંત આયુર્વેદ, પ્રકૃતિનું વર્ણન અને સાવિત્રી તથા તુલસી જન્મ અને ગણપતિના જન્મનું વર્ણન કરવામાં આવેલ છે. વૈષ્ણવો આ પુરાણને વિશેષ માને છે.

**૧૦. લિંગ પુરાણ**—આ પુરાણમાં ભગવાન શંકરની લિઙ્ગ રૂપથી ઉપાસના કરવી તેનું

વિશેષ જ્ઞાન આપવામાં આવેલ છે. આના એકસો તેસઠ અધ્યાયો છે. શંકરના અઠયાવીશ અવતારોનું જ્ઞાન આ પુરાણથી જાણવા મળે છે.

**૧૧. વરાહ પુરાણ**–વરાહ અવતારની વાતને ધ્યાનમાં રાખી આ પુરાણની રચના કરવામાં આવી છે. આ પુરાણમાં બસો અઢાર અધ્યાયો છે. વિષ્ણુ સંબધી વ્રતોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે. આ ઉપરાંત મથુરા મહાત્મ્ય અને નચિકેતોપાખ્યાન સવિસ્તર વર્ણવેલ છે.

**૧૨. સ્કંદ પુરાણ**–સ્વામી કાર્તિકેયે શિવતત્વનું નિરૂપણ આ પુરાણમાં કરેલ છે. આ પુરાણ બધા પુરાણોથી મોટું છે. તેનું કદ ભાગવતથી આઠગણું છે. આ પુરાણની છ સંહિતાઓ છે. આ પુરાણમાં સનત્કુમાર સંહિતા શ્લોક સંખ્યા ૩૬૦૦૦, સુત સંહિતા શ્લોક સંખ્યા ૬૦૦૦, શંકર સંહિતા શ્લોક સંખ્યા ૩૦૦૦૦, વૈષ્ણવ સંહિતા શ્લોક સંખ્યા ૫૦૦૦, બ્રાહ્મણ સંહિતા શ્લોક ૩૦૦૦ અને સૌર સંહિતા ૧૦૦૦ શ્લોકો છે. આ પુરાણની નીચેના ખંડોમાંથી વહેંચી આપેલ છે. માહેશ્વર ખંડ, વૈષ્ણવ ખંડ, બ્રહ્મ ખંડ, કાશી ખંડ, રેવા ખંડ, તાપી ખંડ, અને પ્રભાસ ખંડ આ પુરાણમાં શિવમહિમા, હઠયોગની પ્રક્રિયાઓનું સાંગોપાંગ વર્ણન, મુક્તિનો ઉપાય તથા આધ્યાત્મિક વિવેચન કરેલ છે. આ ઉપરાંત શિવ–પાર્વતીનું, વર્ણન, જગન્નાથપુરીનો પ્રાચીન ઇતિહાસ, આ ઉજ્જયિની મહાકાલની પૂજા તથા પ્રતિષ્ઠાનું વિધાન, કાશીનું તથા નર્મદા કિનારે આવેલા તીર્થોનું વર્ણન, વિશ્વકર્મા ઉપાખ્યાન અને હાટકેશ્વર મહાદેવનું મહાત્મ્ય આ પુરાણમાં વર્ણવેલ છે. આજની સત્યનારાયણની કથા આ પુરાણને આધારે લખાયેલ છે.

**૧૩. વામન પુરાણ**–આ પુરાણમાં વામન અવતારનું વિશદ વર્ણન છે. આના ૯૫ અધ્યાયો છે. આમાં વિષ્ણુના ભિન્નભિન્ન અવતારોનું સવિસ્તર વર્ણન છે.

**૧૪. કૂર્મ પુરાણ**–આ પુરાણની ચાર સંહિતાઓ છે, બ્રાહ્મી, ભાગવતી, સૌરી, અને વૈષ્ણવી. વિષ્ણુભગવાને કૂર્મનો અવતાર લઈ ઇન્દ્રદ્યુમ્ન રાજાને આ પુરાણનો ઉપદેશ આપ્યો હતો. આ પુરાણના શિવ મુખ્ય દેવતા છે. આમાં ૪૪ અધ્યાયો છે. આ અધ્યાયોમાં સૃષ્ટિનું વર્ણન, પાર્વતી તપશ્ચર્યા તથા કાશી તથા પ્રયાગ મહાત્મ્ય વિગેરે છે.

**૧૫. મત્સ્ય પુરાણ**–આ પુરાણમાં ૨૯૧ અધ્યાય છે. મન્વંતરના વર્ણન બાદ પિતૃ તથા સોમવંશનું વર્ણન કરેલ છે. આમાંયયાતિચરિત્ર, ત્રિપુરાસુર–શંકર યુદ્ધ, તાડકાસુરનો વધ અને મત્સ્યાવતારનું વર્ણન વિગતવાર છે. આ પુરાણની વિશેષતા એ છે કે આ પુરાણના ત્રેપનમા અધ્યાયમાં સમસ્ત પુરાણોની વિષયાનુક્રમણિકા આપેલ છે.

**૧૬. ગરૂડ પુરાણ**–આ પુરાણ ૨૮૭ અધ્યાયેથી યુક્ત છે અને બે ખંડમાં વહેંચાયેલું

છે. આમાં વિષ્ણુભગવાને ગરુડને વિશ્વની સૃષ્ટિ બતાવી છે અને અનેક વિદ્યાઓનું વર્ણન કરેલ છે. આ પુરાણનો ઉત્તર ખંડ પ્રેત કલ્પ કહેવાય છે. જેના ૫૪ અધ્યાયો છે. મૃત્યુ બાદ મનુષ્યની કેવી ગતિ થાય છે. કઈ યોનિમાં જન્મ લે છે, કેવા પ્રકારના દુઃખો ભોગવે છે. વિગેરેનું વિશદ વર્ણન કરેલ છે. આ ઉપરાંત ગર્ભાવસ્થા, નરક, યમપુરીનો માર્ગ, પ્રેતગણનું નિવાસસ્થાન, પ્રેતલક્ષણ અને પ્રેતયોનીથી મુક્તિ તથા પ્રેતોનું સ્વરૂપ વગેરે વર્ણવેલ છે. આ પુરાણ શ્રાદ્ધના સમયે વંચાય છે. જેનાથી સદ્ગતિ મળે છે, એમ મનાય છે.

**૧૭. બ્રહ્માંડ પુરાણ**—આ પુરાણમાં સમસ્ત બ્રહ્માંડનું વર્ણન કરવામાં આવેલ છે આ વર્ણનમાં ભૂગોળ, ખગોળ, પર્વતો, નદીઓ તથા ગ્રહ નક્ષત્રોનું અને પ્રસિદ્ધ ક્ષત્રિયવંશોનું વર્ણન કરવામાં આવેલ છે.

**૧૮. શિવ પુરાણ**—આ પુરાણની સાત સંહિતાઓ છે. વિદ્યેશ્વર સંહિતામાં ૨૫ અધ્યાયો રુદ્ર સંહિતામાં ૧૯૭ અધ્યાયો, શતરુદ્ર સંહિતામાં ૪૨, કોટીરુદ્ર સંહિતામાં ૪૩, ઉમા સંહિતામાં ૫૧, કૈલાસ સંહિતામાં ૨૩, વાયવીય સંહિતામાં ૭૬ અધ્યાયો છે. અત્યારે શિવ પુરાણમાં ૨૪૦૦૦ શ્લોકો મળે છે. આ પુરાણ શૈવમતાવલંબીઓનો ઉપજીવ્ય ગ્રંથ છે.

## પ્રકરણ ચોથું

## કાવ્યો અને નાટકો

**કાવ્યના** બે ભેદ છે. દશ્ય કાવ્ય અને શ્રવ્ય કાવ્ય, દશ્ય કાવ્ય એટલે રૂપક અથવા નાટક. શ્રવ્ય કાવ્ય એટલે રામાયણ, મહાભારત, રઘુવંશ વિગેરે. શ્રવ્ય કાવ્યના બે ભેદ છે. રૂપાત્મક અને વસ્તુાત્મક. રૂપાત્મકના ત્રણ પ્રકાર છે, ગદ્ય કાવ્ય, પદ્ય કાવ્ય અને ચંપુ કાવ્ય. આ ઉપરાંત મહા કાવ્ય, ખંડ કાવ્ય અને મુક્તક કાવ્ય નામના ત્રણ અવાન્તર ભેદો છે.

સંસ્કૃતમાં પ્રથમ વાલ્મીકિ રામાયણ મહા કાવ્ય છે, ત્યાર બાદ મહર્ષિ વ્યાસ રચિત મહાભારત, ત્યાર બાદ લૌકિક મહા કાવ્યો પાણિનીનું જામ્બુવતી વિજય, રઘુવંશ વિગેરે.

**રામાયણ**–સંસ્કૃત સાહિત્યમાં મહર્ષિ વાલ્મીકિને આદિ કવિ ગણવામાં આવે છે અને તેમનું કાવ્ય આદિકાવ્ય ગણાય છે. ક્રૌંચપક્ષિ માટે વિલાપ કરતી ક્રૌંચીના કરૂણ શબ્દથી વાલ્મીક મુનિએ એકાએક લૌકિ સંસ્કૃતમાં અનુષ્ટુપ છંદની રચના કરી. આ કાવ્યમાં ૨૪ હજાર શ્લોક છે. રામાયણની રચના બુદ્ધના જન્મ પહેલાં થયેલ છે તેમ રામાયણના વસ્તુથી જણાય છે. ભારતીય ગૃહસ્થ જીવનનું વિસ્તૃત ચિત્રણ કરવું તે રામાયણનો મુખ્ય

ઉદ્દેશ છે. રામાયણ ભારતીય સભ્યતાનું પ્રતિક છે. રામચંદ્ર મર્યાદા પુરૂષોત્તમ છે અને જનકનન્દિની સીતા ભારતીય પતિવ્રતાની સાક્ષાત્ પ્રતિનિધિ છે. રામરાજ્યની કલ્પનાનું જ્ઞાન વાલ્મીકિએ આપ્યું છે. રામાયણની ભાષા, ભાવ, સરસતા તથા મનોહરતા ભારતીય સંસ્કૃત સાહિત્ય મંદિરના કલશ સ્થાને છે. રામાયણમાં કરૂણ રસ મુખ્ય છે. અલંકારોની યોગ્ય છટાથી પંડિત હૃદય મોહિત બની જાય છે. રામાયણમાં ૭ કાંડ છે. બાલકાંડમાં-૭૭ સર્ગ, અયોધ્યા કાંડમાં ૧૧૯ સર્ગો, આરણ્ય કાંડમાં ૧૭૯ સર્ગો, કિષ્કિંધા કાંડમાં ૬૭ સર્ગો, સુંદર કાંડમાં ૬૮ સર્ગો, લંકાકાંડમાં ૧૩૦ સર્ગો અને ઉત્તર કાંડમાં ૧૨૪ સર્ગો છે.

આદિકવિ આપણા કવિઓનો ઉપજીવ્ય છે. જેમના કાવ્યથી કાલિદાસ તથા ભવભૂતિ વિગેરે કવિઓને સ્ફૂર્તિ તથા પ્રેરણા પ્રાપ્ત થઈ છે, અને ભવિષ્યમાં પણ કવિઓને-નાટકકારોને-લેખકોને અને સજ્જનોને સ્ફૂર્તિ મળશે તે નિઃશંક વાત છે.

**મહાભારત**—વાલ્મીક મુનિ પછી મહર્ષિ વ્યાસ આપણા મહાન કવિ છે. આર્યજાતિનું ભારતીય સભ્યતાનું અને હિન્દુ ધર્મનું વાસ્તિવક ચિત્રણ અને ઐતિહાસિક સત્ય નિરૂપણ જેવું મહાભારતમાં જોવા મળે છે તેવું અન્ય ગ્રન્થોમાં જોવા મળતું નથી. હજારો વર્ષથી આ ગ્રન્થના શાન્તિ પર્વનું અધ્યયન સર્વે ભારતીય જનોનું કલ્યાણ કરે છે. ભારતીય સાહિત્યનો અનુપમ ગ્રન્થ શ્રીમદ્ભગવદ્ગીતા આ ગ્રન્થમાંથી જ રચાયેલ છે. આ ગ્રન્થ ભારતીય અધ્યાત્મ અને નીતિ જ્ઞાનનો વિપુલકાય વિશ્વકોષ છે. ભારતીય સંસ્કૃતિ તથા સભ્યતા માટે આ ગ્રન્થનું અધ્યયન અને મનન કરી આચરવું ઘણું યોગ્ય છે. આજે મહાભારતમાં એક લાખ શ્લોકો મળે છે, પરંતુ આ રૂપ તેને અનેક શતાબ્દીઓ બાદ પ્રાપ્ત થયું છે. આ ગ્રન્થના ત્રણ રૂપો થયાં છે. પહેલું રૂપ " જય " બીજું રૂપ " ભારત " અને ત્રીજું રૂપ આજનું મહાભારત. મહાભારતમાં ૧૮ પર્વ છે. આદિ, સભા, વન, વિરાટ, ઉદ્યોગ, ભિષ્મ, દ્રોણ, કર્ણ શલ્ય, સૌક્તિક, સ્ત્રી, શાંતિ, અનુશાસન, અશ્વમેધ, આશ્રમવાસી, મૌશલ, મહાપ્રસ્થાનિક અને સ્વર્ગારોહણ. મહાભારતનું લક્ષ્ય સંસારની અસારતા બતાવી ધર્મનું આચરણ કરી મોક્ષ પ્રાપ્તિ કરાવવાનું છે. મૂળ મહાભારતમાં ૨૪૦૦૦ શ્લોકો હતા.

**કવિ કુલગુરુ કાલિદાસ**—કાલિદાસના નામથી કોણ સંસ્કૃતજ્ઞ અજાણ હોઈ શકે? તેઓ સરસ્વતીની ઉજ્વળ માળાના મેરૂ હતા. તેમની કવિતામાં સ્વાભાવિકતા, સરસતા તથા આધ્યાત્મિકતાનું અપૂર્વ મિલન છે. આથી જ કાલિદાસ ભારતીય કવિ જ નહિ પરંતુ વિશ્વના અગ્રગણ્ય કવિઓમાંના એક બની ગયા છે. કાલિદાસના સમય માટે ઘણાં મતભેદો હોવા છતાં તેઓ સમ્રાટ વિક્રમાદિત્યના સભા પંડિત હોવાથી ઇ. સ. પૂર્વે પ્રથમ શતકમાં થયા તેમ સર્વ માનતા થયા છે. તેમનું નિવાસસ્થાન લગભગ ઉજ્જૈન આસપાસ હતું તેમ

તેમના ગ્રન્થો ઉપરથી અનુમાન થાય છે. તેઓએ અનેક ગ્રન્થોની રચના કરી મનાય છે, તેમાંના મુખ્ય ગ્રન્થો આ પ્રમાણે છે.

**૧. ઋતુ સંહાર**—કવિ કાલિદાસે સર્વ પ્રથમ આ કાવ્યની રચના કરી મનાય છે. આ કાવ્યમાં છયે ઋતુઓનું અલૌકિક છટાથી વર્ણન કર્યું છે. આનાથી તેમની પ્રકૃતિ પ્રિયતાનું આછું દર્શન થાય છે.

**૨. કુમાર સંભવ**—આ ગ્રન્થ કુમાર કાર્તિકેય સ્વામીને અનુલક્ષીને લખાયેલ છે. આ ગ્રન્થના ૧૮ સર્ગો છે. પ્રથમ આઠ જ સર્ગો કાલિદાસના છે અને બાકીના પ્રક્ષિપ્ત છે. એવો એક મત છે. તેનું કારણ તે એમ આપે છે કે ૧ થી ૮ સર્ગ સુધી જ મલ્લિનાથની ટિકા જોવા મળે છે, અન્ય સર્ગો ઉપર નહિ. આ ગ્રન્થનું કથા વસ્તુ-પાર્વતીનો જન્મ, શંકરના ત્રીજા નેત્રથી કામદેવનો નાશ, રતિ વિલાપ, પાર્વતીની તપશ્ચર્યા, શિવ-પાર્વતીનો વિવાહ, કાર્તિકેય સ્વામીનો જન્મ વિગેરે છે. આ કાવ્યની ગણત્રી પંચ મહાકાવ્યમાં છે.

**૩. મેઘદૂત**—આ એક પ્રસિદ્ધ ખંડ કાવ્ય છે. આ કાવ્ય બે વિભાગમાં વ્હેંચાયેલ છે. પૂર્વ મેઘ તથા ઉત્તર મેઘ છે. આ ખંડ કાવ્યમાં ભારત વર્ષની સુંદર કાવ્ય કલ્પના તથા મેઘ સાથે વિરહી યક્ષનો અલકામાં રહેલ પોતાની પત્નીને મોકલાતા સદેશાની વાત છે. આ કાવ્યમાં માનવજીવનની તલસ્પર્શી અનેક ભાવનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ કાવ્યથી કવિકુલગુરૂ કાલિદાસની કીર્તિ વધુ ઉજ્જવળ બની છે.

**૪. રઘુવંશ**—આ મહાકાવ્ય દીલિપ રાજાથી લઇ અગ્નિવર્ણ રાજા સુધીના વર્ણનથી યુકત છે. આ કાવ્યના ૧૯ સર્ગો છે. સર્વ પ્રથમ દીલિપ રાજાનું વર્ણન, તેમનું સપત્નિક વસિષ્ઠના આશ્રમ તરફ ગમન, નન્દિની ગાયની સેવા, રઘુ જન્મ, દિગ્વિજય, અજનો જન્મ, ઈન્દુમતી સ્વયંવર, ઇન્દુમતીના મરણ બાદ અજ વિલાપ, રામચરિત્ર વિગેરે કથાનક છે. રઘુરાજા તથા રામનું વિશદ વર્ણન છે. અજ વિલાપ અને રતિ વિલાપ સહૃદય પાઠકને ગદગદિત કરે તેવા છે. દીલિપની ગૌભક્તિ અતિ પ્રશંસનીય છે.

**૧. માલવિકાગ્નીમિત્ર**—આ નાટક પાંચ અંકોનું બનેલ છે. આમાં અગ્નિમિત્ર તથા માલવિકાની પ્રેમકથા છે.

**૨. વિક્રમોર્વશીય**—આ નાટક પણ પાંચ અંકોનું બનેલ છે, પુરુરવા તથા ઉર્વશી વચ્ચેની પ્રેમલિલાનું અદ્દ્ભૂત વર્ણન છે. ઉર્વશી શ્રાપને લઇને અપ્સરા બની જવાથી વિરહી બનેલા પુરુરવાનો વિલાપ પ્રેક્ષકોનું ધ્યાન ખેંચે તેવો છે, અને વિરહાતુર પ્રેમી હૃદયને તો ઉન્મત્ત પણ બનાવી શકવાની શક્તિ પુરુરવાનો વિલાપ ધરાવે છે. આ નાટકનું કથા વસ્તુ ઋગ્વેદ તથા શતપથ બ્રાહ્મણ ગ્રન્થમાંથી લેવામાં આવેલ છે.

**૩. અભિજ્ઞાન શાકુન્તલ**—આ નાટક સંસ્કૃત નાટકોમાં શ્રેષ્ઠ સ્થાન ધરાવે છે. લોકોક્તિ છે કે "કાવ્યેષુ નાટકં રમ્યં તત્ર રમ્યા શકુન્તલા" આ નાટકના સાત અંકો છે. દુષ્યન્ત અને શકુન્તલાના પ્રેમથી શરૂ થાય છે અને સર્વદમનની પ્રાપ્તિથી નાટક સમાપ્ત થાય છે. આ નાટકનો અંગ્રેજીમાં અનુવાદ સર્વ પ્રથમ સર વિલયમ જોન્સે કર્યો હતો—જે અનુવાદ વાંચી જર્મનના ગેટે કવિ નાચી ઊઠયા હતા, અને શંકુતલાની પ્રશંસામાં એક કવિતા બનાવી નાખી હતી. આજે તો શાકુંતલ વિશ્વની સર્વ મુખ્ય ભાષાઓમાં અનુદિત બની ગયેલ છે. આ નાટકનો ચોથો અંક વિશેષ મહત્વ રાખે છે. કારણ કે કણ્વ ઋષિએ આ અંકથી ભારતીય સંસ્કૃતિનો વિશદ ખ્યાલ ગૃહસ્થાશ્રમીઓને શકુન્તલાદ્વારા આપેલ છે. કવિ કાલિદાસે ગાંધર્વ વિવાહથી થતી મુશ્કેલીનો અસરકારક ઉલ્લેખ કરી આપણું ધ્યાન દોર્યું છે અને આ વાતને આધુનિક યુગમાં વેદના અક્ષર બરાબર માનીએ તો તે અનુચિત નથી.

**અશ્વઘોષ**—અશ્વઘોષ મહારાજા કનિષ્કના સમયમાં એક બૌદ્ધ આચાર્ય થયા. તેઓ અયોધ્યાના બ્રાહ્મણ હતા. ત્યાર બાદ બુદ્ધ ધર્મથી આકર્ષાઈ તેમણે પૂર્ણયશ નામના બુદ્ધ ભિક્ષુ પાસે દીક્ષા લીધી હતી. તેમની માતાનું નામ સુવર્ણાક્ષી હતું. મહારાજા કનિષ્કના સમયમાં બૌદ્ધ સભા ભરાઇ હતી. તે સભાના આ કવિ અધ્યક્ષ હતા. તેમના વ્યાખ્યાનો મધુર, રોનક અને પ્રભાવશાલી હતા. જે શબ્દો સાંભળીને હણહણતા ઘોડાઓ પણ બંધ થઇ જતા એમ કહેવાય છે, આ કવિના **બુદ્ધચરિત્ર** અને **સૌંદરનંદ** નામના બે કાવ્યગ્રન્થો પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત તેઓએ **સારી પુત્ર** પ્રકરણ નામનું નાટક પણ લખેલ છે.

**ભાસ**—આજે ભાસના નામથી તેર નાટક પ્રસિદ્ધ થયા છે. જેનું પ્રગટ કરવાનું શ્રેય મહા મહોપાધ્યાય શ્રી ગણપતિ શાસ્ત્રીજીને છે. ભાસ કવિનો સમય ત્રીજી શતાબ્દિ નક્કી થયો છે. ભાસના નાટકો શ્રેષ્ઠ અને અત્યંત લોકપ્રિય હતાં. બાણભટ્ટે ભાસના નાટકોની વિસ્તૃત ચર્ચા કરી છે. રાજશેખરે પણ ભાસના નાટકચક્રનો ઉલ્લેખ કર્યો છે. તેમના નાટકોના નામ આ પ્રમાણે છે.

(૧) સ્વપ્નવાસવદત્તા (૨) પ્રતિજ્ઞાયૌગંધરાયણ (૩) અભિષેક (૪) પ્રતિમા (૫) મધ્યમ વ્યાયોગ (૬) દૂત ઘટોત્કચ (૭) કર્ણભાર (૮) પંચ રાત્ર (૯) ઉરુભંગ (૧૦) અવિમાર્ક (૧૧) દરિદ્ર ચારુદત્ત (૧૨) બાલચરિત્ર. આ નાટકો સરલ, સુબોધ અને ભજવવા યોગ્ય છે. આ નાટકોનું વસ્તુ સ્વરૂપ રામાયણમાંથી, મહાભારતમાંથી અને ઉદયન ચરિત્રમાંથી લેવાયેલ છે અમુક નાટકોનો વિષય નવિન છે.

**વિશાખાદત્ત**-વિશાખાદત્તનો સમય ચોથી શતાબ્દિનો છે. એમના પિતામહ વત્સરાજ કોઇ દેશના સામંત હતા, અને તેમના પિતા ભાસ્કર દત્તે મહારાજની પદવી પ્રાપ્ત કરી હતી. વિશાખાદત્ત કૌટિલ્ય અર્થશાસ્ત્ર અને શુક્રનીતિના પ્રકાંડ પંડિત ઉપરાંત દર્શન શાસ્ત્રના મહાન્

વિદ્વાન્ હતા. તેઓનો મુદ્રારાક્ષ નાટક નામનો ગ્રંથ ક્રૂર નીતિથી ભરપૂર છે. આ નાટકમાં ચાણક્યે રાક્ષસને કઇ રીતે પોતાની તરફ આકર્ષ્યો અને ચંદ્રગુપ્તમૌર્યનો મુખ્ય મંત્રી બનાવ્યો તેની વાત છે. ચાણક્યનું હૃદય અતિ કોમળ હતુ તે પણ બતાવેલ છે.

**શુદ્રક**—ભારતીય નાટકોમાં તેમનું મૃચ્છકટિક નાટક અમર નાટક છે. આ નાટકમાં નિર્ધન તથા ધનાઢ્ય ચારુદત્ત અને ગુણસંપન્ન વેશ્યા વસંતસેનાની પ્રણય કથા છે. સમાજનું ચિત્રણ કરનારા સંસ્કૃત રૂપકોમાં આ ગ્રંથ સર્વ શ્રેષ્ઠ છે. કારણ કે–ઘણા ખરા સંસ્કૃત નાટકોમાં રાજ-દરબારીઓનું ચિત્ર જોવા મળે છે. જયારે અહીંયા સામાન્ય જનતાના નીચલા થરના હૃદયનું ચરિત્ર ચિત્રણ પણ જોવા મળે છે આ કવિનો બીજો ગ્રંથ પદ્મપાકૃતક છે. આ કવિનો સમય પણ પાંચમી શતાબ્દિ માનવામાં આવે છે.

**ભારવી**–આ કવિ દક્ષિણ ભારતના નિવાસી હતા. અને દક્ષિણના ચાણક્યવંશી નરેશ વિષ્ણુવર્ધનના સભા પંડિત હતા. આ કવિનું એક જ મહાકાવ્ય **કિરાતાર્જુનીય** છે. આ મહાકાવ્યમાં ૧૮ સર્ગો છે. આ કાવ્યની વસ્તુ મહાભારતમાંથી લેવામાં આવેલ છે. ઇન્દ્રકીલ નામના પર્વત ઉપર અસ્ત્ર પ્રાપ્તિને માટે તપ કરતા અર્જુનની કિરાત વેશધારી શંકરનું યુદ્ધ એજ આ મહાકાવ્યનું મુખ્ય કથાનક છે આ કાવ્યની વિશિષ્ટતા એ છે. આ સર્ગનો પહેલો શ્લોક શ્રી શબ્દથી શરૂ થાય છે. અને દરેક સર્ગનો અંતિમ શ્લોક લક્ષ્મી શબ્દથી પૂરો થાય છે. અલ્પ શબ્દોથી વિપુલાર્થ બતાવવાની શકિત મહાકવિ માઘ અને ભારવી સિવાય બીજે ઠેકાણે જોવા મળતી નથી. એટલા માટે લોકોકિત છે કે, "ભારવેરર્થ ગૌરવં" ભારવી કવિનો સમય ઇ સ. ૬૦૮ માં ગણાય છે.

**હર્ષવર્ધન**–હર્ષવર્ધન કેવળ રાજા જ ન હતા. પરંતુ સરસ્વતીના પરમ ઉપાસક હતા. સાથોસાથ સંસ્કૃત પંડિતોના આશ્રય દાતા. હતા. તેમની સભાના બાણભટ્ટ, મધુકરભટ્ટ, તથા માતંગ દિવાકર વિગેરે સભા પંડિતો હતા. હર્ષવર્ધને ત્રણ ગ્રંથોની રચના કરેલ મનાય છે. (૧) રત્નાવલી (૨) પ્રિયદર્શિકા. (૩) નાગાનન્દ. પહેલા બે ગ્રંથો નાટિકાઓ છે. એ સંસ્કૃત સાહિત્યની સુંદર કૃતિઓ છે. આ નાટિકાઓનો સંબંધ વત્સરાજ ઉદયન તથા વાસવદત્તાની પ્રેમ કથાઓનો છે. ત્રીજો ગ્રંથ નાટક છે. આ નાટકમાં જીમુતવાહન દ્વારા ગરુડથી નાગોનું રક્ષણ થાય છે. અને છેવટે પોતાનું બલિદાન આપવા તેયાર થાય છે. તેનું રોચક વર્ણન આ કથાનક બૌદ્ધ જાતકમાંથી લેવાએલ છે. આ નાટકનો ઉપદેશ પરોપકાર, હિતચિંતન અને વિશ્વનું કલ્યાણ સાધન છે ચીનીયાત્રી હુએનસંગ આ સમયમાં ભારત આવ્યો હતો. તેથી આ કવિનો સમય છઠ્ઠી શતાબ્દિનો સિદ્ધ થાય છે.

**ભટ્ટી**—મહાકવિ ભટ્ટી શાસ્ત્ર કાવ્યરચના પદ્ધતિના પ્રથમ પ્રવર્તક હતા. તેમણે કાવ્યની

સાથે કાવ્યાકરણુશસ્ત્રનું પણ પ્રતિપાદન કર્યું છે. તેમના ગ્રન્થનું મૂળ નામ રાવણ વધ કાવ્ય છે પરંતુ તે કાવ્ય મહાકવિ ભટ્ટીના નામથી પ્રસિદ્ધ છે, આ મહાકાવ્યમાં વિસ સર્ગો છે અને ૩૫૦૦ શ્લોકો છે. મહાકવિ ભટ્ટી વલ્લભીરાજ્ય (સૌરાષ્ટ્ર પ્રદેશના)ના સિદ્ધસેન રાજાના સભાપંડિત હતા. તેથી તેમનો સમય છટ્ટી શતાબ્દિના ઉત્તરાર્ધનો મનાય છે.

**માઘ**—મહા કવિ માઘ ગુજરાતના રાજા વર્મલાતના પ્રધાન મંત્રી સુપ્રભદેવના પૌત્ર હતા અને તેમના પિતાશ્રીનું નામ દત્તક હતું, આ મહાકવિ માઘનું **શિશુપાલ વધ** નામનું મહાકાવ્ય છે, આ કાવ્યમાં વીસ સર્ગો છે. આ મહાકાવ્યનું કથાવસ્તુ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં શિશુપાલનો વધ એ છે. શ્લેષ અલંકાર માટે માઘ કવિ સિદ્ધ હસ્ત હતા. તેઓ પ્રકાંડ પંડિત અને વૈષ્ણવ ભક્ત હતા. તેમના માટે સંસ્કૃત સમાજમાં નીચેની ઉક્તિઓ પ્રસિદ્ધ છે. (૧) તાવદ્‌ભા ભારવેઃ ભાતિ યાવદ્ માઘસ્યનોદયઃ (૨) માઘે સન્તિ ત્રયોગુણાઃ (૩) નવ સર્ગે ગતે માઘે નવ શબ્દો ન વિદ્યતે. આ કાવ્યની ગણના પંચ કાવ્યમાં છે.

**ભવભૂતિ**—મહાકવિ કાલિદાસની સ્પર્ધા કરવાની શક્તિ આ ભવભૂતિ કવિમાં હતી. ભવભૂતિનાં નાટકોમાં સ્વયં સરસ્વતી પોતાના લલિત લાસ્યથી પ્રેક્ષકોને આનંદ આપે છે. આ કવિ વિદર્ભદેશના મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ હતા. તેમના પિતાનું નામ નીલકંઠ અને માતાનું જતુકર્ણી હતું. તેમનું પોતાનું નામ શ્રીકંઠ હતું. પરંતુ કવિઓ દ્વારા તેમનું વિશિષ્ટ નામ ભવભૂતિ રાખેલ હતું. અને તેમના નામથી સંસ્કૃત જગતમાં તેઓ પ્રસિદ્ધ થયા, તેઓ મિમાંસાના પ્રસિદ્ધ આચાર્ય કુમારિલના શિષ્ય હતા. અને રાજા યશોવર્માના સભાપંડિત હતા, આથી તેમનો સમય ઇ. સં. સાતસોનો મનાય છે. હાલમાં તેમની ત્રણ રચનાઓ જોવા મળે છે. (૧) **મહાવીર ચરિત્ર** (૨) **માલતી માધવ** (૩) **ઉત્તર રામચરિત્ર.** આ ત્રણે નાટકોમાં ઉત્તર રામચરિત્ર ભવભૂતિની નાટ્ય પ્રતિભાનું સર્વોત્તમ ઉદાહરણ છે. આ નાટકમાં કરૂણરસની વિશેષતા છે. એટલા માટે કહેવાય છે કે. "ઉત્તરે રામચરિતે ભવભૂતિર્વિશિષ્યતે." આ નાટકનો વિષય સીતાના વનવાસથી આરંભીને રામ-સીતાનું પુનર્મિલન સુધીનો છે. આ નાટક સાત અંકોથી યુક્ત છે.

**ભટ્ટ નારાયણ**—ભટ્ટ નારાયણ આઠમી શતાબ્દિના પ્રથમ ભાગમાં થયેલ છે ભટ્ટ નારાયણ પાંચ કાન્યકુબ્જ વૈદિક બ્રાહ્મણોમાંના એક હતા. જે બ્રાહ્મણને બંગાળના રાજા આદિસુરે પોતાના પ્રાન્તમાં વૈદિક ધર્મના પ્રચાર માટે કાન્યકુબ્જથી બોલાવ્યા હતા. ભટ્ટ નારાયણની એક જ રચના જોવા મળે છે, અને તે છે. **વેણીસંહાર નાટક.** આ નાટકના છ અંકો છે. મહાભારતના યુદ્ધનું પ્રદર્શન આ નાટકનો મુખ્ય વિષય છે, અને વિષયના અનુરૂપ જ કવિએ ગૌડી રીતીનો આશ્રય લીધો છે. ભાવ તથા ભાષામાં નાટક આતે સફળ થયેલ છે. વેણી, સંહાર એટલે

વેણીનું બાંધવું. દુઃશાસને દ્રૌપદીના કેશ ખેંચ્યા હતા, ત્યાર બાદ દ્રૌપદીએ પ્રતિજ્ઞા કરી હતી કે. જ્યાં સુધી કૌરવોનો નાશ ન થાય ત્યાં સુધી વેણી બાંધીશ નહિ. અંતે કૌરવોના નાશમાં બાકી રહેલ દુર્યોધનનો ભીમે નાશ કર્યો. અને લોહીવાળા હાથથી તેણે દ્રૌપદીની વેણી બાંધી.

**ક્ષેમેન્દ્ર**—કાશ્મીર દેશના ધનાઢ્ય બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થયેલા મહાકવિ ક્ષેમેન્દ્ર પરમ વૈષ્ણવ હતા. તેઓએ અનેક ગ્રન્થોની રચના કરી છે. સંસ્કૃત ભાષામાં ગ્રન્થોની રચનામાં વ્યાસ પછી બીજે નંબરે આ કવિ આવે છે. તેઓ પોતાની જાતને વ્યાસદાસ કહેવડાવતા હતા. તેમના અમુક ગ્રન્થો નીચે પ્રમાણે છે. (૧) **રામાયણ મંજરી**, (૨) **બૃહત્કથા મંજરી**, (૩) **કથા વિલાસ**, (૪) **નીતિકલ્પતરુ**, (૫) **સમય માતૃકા**, વિગેરે. તેઓનો સમય અગીઆરમી શતાબ્દિનો છે.

**શ્રીહર્ષ**–શ્રીહર્ષના પિતાનું નામ હીર પંડીત હતું તથા માતાનું નામ મામલદેવી હતું. હર્ષ કેવળ મહાકવિ જ ન હતા. પરંતુ અનેક શાસ્ત્રોના પ્રકાંડ વિદ્વાન હતા. તેમના પિતાશ્રી કાશીના રાજા વિજયચંદ્રના સભા પંડિત હતા. તેમનો શાસ્ત્રાર્થ પ્રસિદ્ધ નૈયાયિક ઉદયનાચાર્ય સાથે થયો હતો. જેમાં પંડિત હારી ગયા હતા. આથી હીરે પોતાના મૃત્યુ વખતે હર્ષને બોલાવી ઉદયનાચાર્યને પરાજીત કરવાનું વચન લઈ પંચત્વ પામ્યા હતા. વચન પાલક હર્ષે ભરસભામાં ઉદયનાચાર્યને હરાવ્યા હતા. હર્ષ રાજા જયચંદ્રના સભા પંડિત હતા. તેઓએ અનેક પુસ્તકો લખ્યા છે. તેમના અમુક પુસ્તકો નીચે પ્રમાણે છે, (૧) સ્થૈર્ય વિચારણા આ ગ્રંથમાં બૌદ્ધના ક્ષણિકવાદનુ નિરાકરણ કરેલ છે આ દાર્શનિક ગ્રંથ છે. (૨) વિજયપ્રશસ્તિ, આ ગ્રંથ ઐતિહાસિક છે. (૩) ખંડનખંડખાદ્ય આ ગ્રંથ વેદાંતશાસ્ત્રનો અનુપમ રત્ન ગ્રંથ પંડિત સૂચક છે. (૪) નૈષધીય ચરિત્ર, આ મહા કાવ્ય છે. આ ગ્રંથમાં નળ તથા દમયંતીની વાત આવે છે. આ ગ્રંથમાં ૨૨ સર્ગો છે અને ૨૮૩૦ શ્લોકો છે. અલંકારોના સુયોગ્ય ઉપયોગથી પંડિત સમાજમાં બહુ માન્ય બન્યો છે. હર્ષ ષડ્દર્શન શાસ્ત્રના પ્રકાંડ પંડિત હતા. અને કહેવાય છેકે અત્યારનું નૈષધીય ચરિત્ર સંસ્કૃત સમજ સમજી શકે એટલે અનેકવાર પોતે સરળ બનાવેલ હતું. તેથી કહેવાય છે. “ ઉદિતે નૈષધે કાવ્યે કવ માઘઃ કવચ ભારવિઃ ”

આ ઉપરાંત સંસ્કૃત સાહિત્યમાં અનેક નાટકકારો અને અનેક કવિઓએ અનુપમ ગ્રંથોની રચના કરેલી છે. તેની ટૂંક વિગત નીચે પ્રમાણે છે.

કુમારદાસનું (નવમ શતક) જાનકી હરણ કાવ્ય, રત્નાકરનું (નવમ શતક) હરવિજય કાવ્ય શિવસ્વામીનું (નવમ શતક) કફ્ફિણાભ્દય મહા કાવ્ય, અનંગહર્ષનું (અષ્ટમ શતક) તાપસ-વત્સરાજ, મંખકનું (એકાદશ શતક) શ્રી કંઠચરિત્ર, બિલ્હણનું (દ્વાદશ શતક) વિક્રમાંકદેવ ચરિત્ર) કલ્હણની (દ્વાદશ શતક) રાજતરંગિણી, પદ્મગુપ્ત પરિમલનું (દશમ શતક) નવસાહ

સાંક ચરિત્ર, મુરારીનું (અષ્ટમ શતક) અનર્ઘરાઘવ, રાજશેખરનું (નવમ શતક) બાલરામાયણ તથા કાવ્ય મિમાંસા, જયદેવનું (ચતુર્દશ શતક) પ્રસન્નરાઘવ, વામન ભટ્ટનું પાર્વતિ પરિણય, મદનપાલ સરસ્વતીની (ત્રયોદશ શતક) પારિજાત મંજરી, મથુરાદાસની વૃષભાનુજ નાટિકા, ધનેશ્વરસુરીનું (ષષ્ઠ શતક) શત્રુંજય મહાત્મ્ય, વીરનંદીનું (ત્રયોદશ શતક) ચંદ્રપ્રભ ચરિત્ર, દેવવિમલગણીનું (સપ્તદશ શતક) હિરસૌભાગ્ય અને હેમચંદ્રાચાર્યનું કુમારપાલ ચરિત્ર તથા કાવ્યાનુશાસનની રચના પ્રસિદ્ધ છે.

## પ્રકરણ પાંચમું—(અન્ય સાહિત્ય)

## ગદ્ય સાહિત્ય

વૈદિક સંહિતાઓમાં ગદ્ય સાહિત્યનું સર્વ પ્રથમ દર્શન થાય છે. કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય સંહિતામાં પ્રાચીનતમ ગદ્યનો નમુનો મળે છે. આરણ્યકો, બ્રાહ્મણ ગ્રંથો અને ઉપનિષદોમાં પણ ગદ્યનો પ્રયોગ વ્યાપક રૂપથી થયેલ છે. પુરાણોમાં પણ યત્રકુત્ર ગદ્ય જોવા મળે છે. દર્શન ગ્રંથોમાં યુક્તિ, તર્કના પ્રગટ માટે ગદ્યનો આશ્રય લીધેલ છે.

શાસ્ત્રીય ગદ્ય કર્તાઓમાં પતંજલિ, શબરસ્વામી, શંકરાચાર્ય, અને જયન્ત ભટ્ટના નામો અતિ પ્રસિદ્ધ છે. સંસ્કૃત ગદ્યની માફક પાલીગદ્ય પણ વિકસેલ છે. જાતક અને ત્રિપટીક તેના ઉદાહરણો છે. હવે મુખ્ય મુખ્ય ગદ્ય ગ્રન્થોનો પરિચય સંક્ષેપમાં આ પ્રમાણે છે.

**(૧) કવિ સુબંધુ**— ગદ્ય કાવ્ય લેખકોમાં સુબંધુ સર્વ પ્રથમ લેખક છે તેઓએ વાસવદત્તાની રચના કરી છે. કવિવર બાણભટ્ટે પણ વાસવદત્તાની પ્રશંસા કરેલ છે. આથી સુબંધુ સાતમી શતાબ્દિમાં થઇ ગયા ગણાય છે. સુબંધુ કવિ શ્લેષાલંકારમાં સિદ્ધહસ્ત હતા.

**(૨) બાણ ભટ્ટ**—ગદ્ય સાહિત્યમાં બાણ ભટ્ટની ખ્યાતિ સૂર્ય સમાન છે. પ્રીતિકૂટ નગરના રહેવાસી ચિત્રભાનુના પુત્ર મહાકવિ બાણ ભગવતી શારદાના વરદ પુત્ર હતા, તેમાં કોઈ પણ જાતનો સંદેહ નથી. તેઓ રાજસભામાં હર્ષવર્ધનના પંડિત હતા. તેમના પિતાજીના મૃત્યુ બાદ સમગ્ર ભારત વર્ષનું પર્યટન કર્યું હતું. બાણ ભટ્ટના બે ગ્રંથો પ્રાપ્ય છે તે છે. (૧) હર્ષચરિત અને (૨) કાદમ્બરી. (૧) હર્ષચરિત. આ ગ્રંથ આઠ ઉચ્છવાસોથી યુક્ત છે. પહેલા બે ઉચ્છવાસમાં કવિએ પોતાનો પરિચય આપેલ છે. આ ઐતિહાસિક ગ્રંથ છે. અને આ ગ્રંથથી બાણ ભટ્ટે લખવાનો પ્રયાસ શરૂ કર્યો હતો તેમ મનાય છે. (૨) કાદંબરી—કાદંબરી બે ભાગમાં વહેંચાયેલ છે. પૂર્વાર્ધ—બાણ ભટ્ટે રચેલ છે. અને ઉત્તરાર્ધ તેમના મૃત્યુ બાદ તેમના પુત્ર પુલિંદ ભટ્ટે બનાવેલ છે. આ કાદંબરી ખરેખર સંસ્કૃત ગદ્ય સાહિત્યમાં અનુપમ છે. ભાષાના ભાવ

અને શબ્દોના અર્થોની સાથે યોગ્ય સમન્વય જોવા મળે છે. અનેક પ્રકારના ભિન્ન ભિન્ન અલંકારો, અને સુંદર પદાવલિથી કોનું મન હરણ નથી થતું ? ચરિત્રચિત્રણ, પ્રકૃતિ નિરીક્ષણ વગેરે વિષયોમાં બાણ આજે પણ બધાનો ઉપજીવીય લેખક છે. તેમનો સમય હર્ષવર્ધનનો સમય એટલે કે સાતમી શતાબ્દિના પૂર્વાર્ધનો છે.

**(૩) દંડી**—દંડી કવિ દક્ષિણ ભારતના નિવાસી હતા–તે કાંચીના પલ્લવ નરેશસિંહ વિષ્ણુના રાજકવિ હતા. આથી તેમનો સમય સાતમી શતાબ્દિનો નિશ્ચિત થાય છે. તેઓનો **દશકુમાર ચરિત્ર** પ્રમુખ ગદ્ય ગ્રંથ છે. દશકુમાર ચરિત્રમાં કૌતુક અને વિસ્મયકારી વૃત્તાન્તો રહેલાં છે. કથા ભાગની અત્યંત સજીવતાથી પાઠક પુસ્તકને છોડી શકતો નથી. આ પુસ્તકમાં અનેક વિદ્યાઓનો પ્રસંગોપાત ઉલ્લેખ કરી દંડીએ પોતાનું પાંડિત્ય પૂરવાર કરી આપ્યું છે. આ ગ્રંથ અત્યંત સરલ અને સુબોધ છે.

આ ઉપરાંત દંડીએ **અવન્તિસુંદરી કથા** નામનું પુસ્તક પણ લખેલ છે. આ પુસ્તકમાં કવિની જીવની વિષે કંઇક પ્રકાશ નાખેલ છે. આ ઉપરાંત કવિએ સહિત્યશાસ્ત્રનો **કાવ્યાદર્શ** નામનો અનુપમ ગ્રંથ લખેલ છે.

આ ઉપરાંત અન્ય કવિઓએ પણ ગદ્યમાં ઘણું લખેલ છે યથા–ધનપાલ કવિએ તિલકમંજરી, સોઢ્ઢલે ઉદયસુંદરી, વામન ભટ્ટ બાણે પ્રેમભૂપાલ ચરિત વિગેરે લખેલ છે.

**ચંપૂ કાવ્ય**–ગદ્ય અને પદ્યમય કાવ્યને ચપૂ નામથી સંસ્કૃત સાહિત્યમાં ઓળખવામાં આવે છે. સંસ્કૃત સાહિત્યમાં સર્વ પ્રથમ ત્રિવિક્રમ ભટ્ટનું **નલ ચંપૂ** જોવા મળે છે. આની રચના નવમી શતાબ્દિમાં થયેલ મનાય છે. ભટ્ટજી સભંગશ્લેષના કવિ હતા, એમના સમાન સભંગશ્લેષ લખનાર સંસ્કૃત સાહિત્યમાં ખાસ કોઇ નથી. આ ઉપરાંત ભોજરાજનું રામાયણ ચંપૂ, વ્યંકટાધ્વરીનું વિશ્વગુણાદર્શન ચંપૂ, અનંતકવિનું **ભારત ચંપૂ** પ્રસિદ્ધ છે.

**સ્તોત્ર સાહિત્ય**–સંસ્કૃતમાં સ્તોત્ર સાહિત્ય અત્યંત વિશાળ છે. ભક્ત કવિઓ પોતાના ઇષ્ટદેવને ઉદ્દેશીને પોતાની દીનતા દયનીયતા અને કોમલતા કોમલકાન્તપદાવલીથી વર્ણન કરે છે. તે સ્તોત્ર સાહિત્ય કહેવાય છે. અહીંયા અમુક મુખ્ય સ્તોત્રોનો પરિચય આપવા પ્રયાસ કર્યો છે.

**૧ પુષ્પદન્તાચાર્ય**–આ આચાર્યનું શિવમહિમ્ન સ્તોત્ર અતિ પ્રસિદ્ધ છે. આ સ્તોત્ર શિખરિણિ છન્દથી યુકત છે. કાવ્ય મિમાંસા ગ્રન્થમાં આ સ્તોત્રના શ્લોકોનો ઉદાહરણ તરીકે પ્રયોગ કર્યો છે તેથી દશમી શતાબ્દિના પહેલાં આ આચાર્ય થઇ ગયા મનાય છે.

**૨ મયુર ભટ્ટ**–ગદ્ય સાહિત્યના પ્રથમ પંક્તિના પંડિત બાણભટ્ટના સાળા મયૂર ભટ્ટે

"સૂર્ય શતક"ની રચના કરેલ છે. આ સ્તોત્ર સ્રગ્ધરા છન્દમાં બનેલ છે. કહેવાય છે કે આ શતકથી મયૂર ભટ્ટનો કોઢ મટી ગયો હતો.

૩ **આદ્ય શંકરાચાર્ય**-આદ્ય શંકરાચાર્યની સૌન્દર્ય લહરી અતિ પ્રસિદ્ધ છે.

૪ **આચાર્ય કુલશેખર**—આ આચાર્યે "મુકુન્દમાલા" સ્તોત્રની રચના કરી છે. આ સ્તોત્રમાં ફક્ત ૩૪ શ્લોકો છે પરંતુ વૈષ્ણવ સ્તોત્રોમાં આ લઘુકાય સ્તોત્રનો અતિ આદર છે.

૫ **જગન્નાથ કવિ**—આ કવિ કાશીના તૈલંગ બ્રાહ્મણ હતા. આમનું કવિત્વ પ્રખર પાંડિત્યદ્યોતક હતું. પંડિતજીના કાવ્યમાં નૈસર્ગિક પ્રવાહ, પદોની યોગ્ય સ્થાપના અને કલ્પનાની ચમત્કારિતા સમ્પૂર્ણપણે જોવા મળે છે. તેઓ પ્રસિદ્ધ સાહિત્યિક પણ હતા. તેમનો "રસ ગંગાધર" ગ્રન્થ અન્તિમ સાહિત્યશાસ્ત્રનો શ્રેષ્ઠ ગ્રન્થ છે. તેઓએ પાંચ લહરીઓ લખેલ છે. કરૂણા, ગંગા, અમૃત, લક્ષ્મી અને સુધાલહરી.

આ ઉપરાંત અનેક ભક્ત કવિઓએ સ્તોત્રોની રચના કરી છે જેમ કે-મહાકવિ બાણ ભટ્ટે ચંડી શતકની, શ્રી યામુનાચાર્યે આલબન્દાર સ્તોત્રની, શ્રી લીલાશુકે કૃષ્ણ કર્ણામૃતની, વેંકટાધ્વરીએ લક્ષ્મીસહસ્ત્રની, માનતુંગાચાર્યે ભક્તામ્બરની અને સિદ્ધસેન દિવાકરે કલ્યાણમન્દિર સ્તોત્રની રચના કરેલ છે.

**કથા સાહિત્ય**-વાર્તાઓનું સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન છે. નાની નાની ઘરની ઘટનાઓ દ્વારા માનવ ચિત્ત ઉપર જેટલો પ્રભાવ પાડી શકાય છે તેટલો પ્રભાવ ઘણી વખતે મોટા ગ્રન્થોથી પાડી શકાતો નથી. કથા પ્રિય થવાનું મુખ્ય કારણ એ છે કે તે નાની અને માનવ સમાજની સાથે સિધો સંબંધ રાખનારી હોય છે. કથાની ઉન્નતિ એટલે સભ્ય સમાજની ઉન્નતિ. વિશુદ્ધ કથાઓનો ઉદય પ્રથમ સંસ્કૃત સાહિત્યમાં જોવા મળે છે.

કહાનીઓનો જન્મ વેદોમાં થયેલ છે. નાના નાના આખ્યાનોનો વિસ્તાર આપણને બ્રાહ્મણ ગ્રન્થોમાં અને ઉપનિષદોમાં જોવા મળે છે. આજ આખ્યાનોને સવિસ્તર અને સરલ ભાષાદ્વારા મહાભારતકારે મહાભારતમાં અને પુરાણોમાં વર્ણવેલ છે. કથા સાહિત્ય બે પ્રકારનું છે. ૧ ઉપદેશાત્મક અને મનોરંજનાત્મક. મનોરંજનાત્મક દ્વારા પણ ઉપદેશ તો મળે જ છે પરંતુ સ્વતંત્ર ઉદ્દેશ મનોરંજનનો હોય છે, ઉપદેશનો ગૌણ. ઉપદેશાત્મક કથા ઋગ્વેદમાં તથા છાન્દોગ્ય વિગેરે ઉપનિષદ્ દ્વારા તથા મહાભારતમાં યત્રતત્ર જોવા મળે છે.

કહાની લેખકોની અમુક રચનાઓનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે.

**ગુણાઢ્ય**—પ્રતિષ્ઠાનપુરના રાજા શાલિવાહનના સભા પંડિતનું સ્થાન શ્રી ગુણાઢ્યે પ્રાપ્ત કર્યું હતું. તેઓ પૈશાચી ભાષાના પ્રકાંડ પંડિત હતા. તેઓની અનુપમ "બૃહત્કથા" આપણને

મળે છે. આ પૈશાચી ભાષામાં લખાયેલ બૃહત્કથાનું સંસ્કૃતમાં અનુવાદન થયેલ છે તે આપણું સદ્ભાગ્ય છે. કહેવાય છે કે આ ગ્રન્થ મહાભારતથી સાતગણો મોટો છે, પરંતુ આજે કેવલ ૧ લાખ શ્લોકવાળો ગ્રન્થ મળે છે. આ ગ્રન્થનો પ્રથમ સંસ્કૃતમાં અનુવાદ બુધ સ્વામીએ "બૃહત્ શ્લોક સમુચ્ચય" નામથી કરેલ છે. આ અનુવાદ આઠમી અથવા નવમી સદીમાં થયેલ છે. ક્ષેમેન્દ્ર કવિની "બૃહત્કથા મંજરી"માં સાડાસાત હજાર શ્લોકો છે, જ્યારે સોમદેવ રચિત "કથાસરિત્સાગર"માં વીશ હજાર શ્લોકો છે. આ ગ્રન્થની કથા વસ્તુ માત્ર એટલી છે કે–રાજા ઉદયનનો પુત્ર નરવાહનદત્ત પોતાના મિત્ર ગોમુખની સહાયતાથી પોતાની પ્રિયતમા મદનમંજિકાની સાથે લગ્ન કરવામાં અને વિદ્યાધરોનું રાજ્ય પ્રાપ્ત કરવામાં સમર્થ થાય છે. મહાકવિ ભાસ, શ્રી હર્ષ તથા ભટ્ટ નારાયણ પોતાના નાટકોનું વસ્તુ ગ્રહણ માટે બૃહત્કથાના વિશેષ ઋણી છે તે નિઃશંક વાત છે.

**વિષ્ણુ શર્મા**—વિષ્ણુ શર્મા પંડિતના "**પંચતન્ત્ર**" ગ્રન્થી વિશ્વસુપરિચિત છે તે કહેવું સૂર્યના દર્શન કરાવવા બરાબર છે. આ ગ્રન્થમાં મિત્ર ભેદ, મિત્ર લાભ, સન્ધિ વિગ્રહ, લબ્ધપ્રણાશ અને પરીક્ષિતકારક નામના પાંચ ભેદો છે. દરેક ભાગમાં એક વાત છે અને તે વાતને પુષ્ટ કરવા અનેક વાર્તાઓ લખાયેલ છે. પંચતન્ત્રના કર્તાનો ઉદ્દેશ્ય પોતાની કથાના વ્યાજથી સદાચાર, નીતિ વિગેરેનું શિક્ષણ આપવાનું હતું. કથા લેખકમાં અત્યંત ગૂઢ નીતિનું જ્ઞાન, સૂક્ષ્માતિ–સૂક્ષ્મ વિવિધ કાર્ય નિરીક્ષણ શક્તિ હતી તે કહેવું અતિશયોક્તિભર્યું નથી. પંચતન્ત્રનો પ્રચાર કેવલ ભારત વ્યાપી જ નથી પરંતુ ભૂમંડલ વ્યાપી છે. આ ગ્રન્થની કથાઓથી અન્ય દેશના કથા સાહિત્યને ઘણી પ્રેરણા મળી છે આ ગ્રન્થના ભિન્ન ભિન્ન શતાબ્દિઓમાં અનેક સંસ્કરણો થયેલ છે. ફારસના બાદશાહ નૌશેરવાએ હકીમ બુરજોઇ દ્વારા આ ગ્રન્થનો પ્રથમ અનુવાદ ૫૩૩માં મહલબી (પ્રાચીન ફારસી) ભાષામાં કરાવ્યો. ત્યાર બાદ સીરિયન ભાષામાં, ત્યાર બાદ અરબી ભાષામાં વિગેરે અનેક ભાષાઓમાં આ ગ્રન્થ અનુદિત બન્યો છે.

**નારાયણ પંડિત**–આ પંડિતજીએ "**હિતોપદેશ**"ની રચના કરી છે જે પંચતન્ત્રને આભારી છે. આ ગ્રન્થનો સર્વ પ્રથમ અભ્યાસ સંસ્કૃતના પ્રાથમિક વિદ્યાર્થીઓ કરે છે. આ પંડિતજી બંગાલના ધવલચંદ્ર મહારાજાના સભા પંડિત હતા. આ ગ્રન્થની રચનાનો સમય ઈ. સ. ચૌદમી શતાબ્દિ મનાય છે.

આ ઉપરાંત કથા સાહિત્ય અનેક ગ્રન્થોમાં લખાયેલ છે જેમ કે–શિવદાસની વૈતાલપંચવિંશતિકા, શુકસપ્તતિ અને સિંહાસનદ્વાત્રિંશિકા, આર્યશૂરની જાતકમાલા વિગેરે.

**ગીતિ કાવ્યો**—સંસ્કૃત સાહિત્યમાં ગીતિ કાવ્યો મુક્તક રૂપથી અને પ્રબન્ધ રૂપથી મળે છે. મુક્તક કાવ્યોના રસના આનંદ પ્રાપ્તિ માટે બાહ્ય સામગ્રીની જરૂરત રહેતી નથી. મુક્તક કાવ્યનું સર્વોત્તમ ઉદાહરણ ભર્તૃહરિના તથા અમરૂકના શતકો છે. જ્યારે પ્રબન્ધાત્મક કાવ્યનું

ઉદાહરણ કાલિદાસનું મેઘદૂત છે. થોડાક ગીતિ કાવ્યોનો પરિચય આ પ્રમાણે છે.

**ભર્તૃહરિ**—સાતમી શતાબ્દિના નજીકના સમયમાં કવિ ભર્તૃહરિએ **નીતિ શતક, શૃંગાર શતક** અને **વૈરાગ્ય શતક**ની રચના કરી છે. નીતિ શતકમાં માનવ જીવન વિકાસમાં ગુણોની જરૂર છે તે માટે આગ્રહ કરવામાં આવેલ છે. **શૃંગાર શતક**માં નારી હૃદયનું નિરૂપણ છે. **વૈરાગ્ય શતક**માં "સન્તોષી નર સદા સુખી" આ ઉક્તિને લક્ષ્યમાં રાખી વૈરાગ્યની ભાવનાને ઉત્તેજીત કરી છે. આ કવિ રાજા હતો ત્યાર બાદ મહા યોગી થયો હતો.

**અમરૂક**-નવમી શતાબ્દિ પહેલાં અમરૂક નામના કવિએ શૃંગાર રસ યુક્ત **"અમરૂક શતક"** ગ્રન્થની રચના કરી છે. આ ગ્રન્થમાં શૃંગાર રસની જમાવટ તે રીતે કરવામાં આવી છે તે જાતની જમાવટ બીજી જગ્યાએ પ્રાપ્ત થતી નથી.

**જયદેવ**—બંગાળના કેન્દુબિલ્વ ગામના મહા કવિ જયદેવના "**ગીત ગોવિંદ**"થી કોણ અપરિચિત હોઇ શકે? આ જયદેવ કવિનો સમય ૧૧મી શતાબ્દિનો મનાય છે. આ લક્ષ્મણસેન રાજાની સભાના એક કવિરાજ હતા. ગીત ગોવિન્દ કાવ્યમાં ૧૨ સર્ગો છે. સંસ્કૃત ભાષા કેટલી મધુર હોય છે, તેનું જો એક સ્થાનેથી જ જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો જયદેવ કવિનું ગીત ગોવિન્દ કાવ્ય બસ છે. આ કાવ્યમાં કોમલકાન્ત પદાવલીનો સરસ પ્રવાહ વહે છે અને સુંદર ભાવોનો સમન્વય પણ જોવા મળે છે. આ કાવ્ય સમજવા માટે ભક્તિ હૃદયની ખાસ આવશ્યકતા છે. આજે પણ તેમની પુણ્ય સ્મૃતિમાં ગૌડીય વૈષ્ણવ સાધુઓનો તેમના જન્મ સ્થાને મેળો ભરાય છે.

**ગોવર્ધનાચાર્ય**—આ આચાર્ય બંગાલના રાજા લક્ષ્મણસેનના દરબારમાં કવિરાજ હતા. શૃંગાર રસભરી કવિતા લખવામાં તે સિદ્ધહસ્ત હતા. તેમનો **"આર્યાસપ્તશતી"** નામનો અનુપમ ગ્રન્થ છે. ગોવર્ધન કવિ આર્યા છન્દના કવિ હતા. હિન્દીના મહા કવિ બિહારીએ આ ગ્રન્થના આદર્શ ઉપરથી જ સુપ્રસિદ્ધ "સતસઇ" લખેલ છે. આમનો સમય ૧૧મી શતાબ્દિનો નિશ્ચિત મનાય છે.

આ ઉપરાંત જૈન કવિ જીનસેને પાર્શ્વાભ્યુદય, વિક્રમે નેમિદૂતમ્, પંડિત ધોયી કવિએ પવનદૂતમ્, વામન ભટ્ટ બાણે હંસદૂતમ્ વગેરે ગીતિ કાવ્યોની પણ અમર રચના કરેલ છે.

---

## પ્રકરણ છઠ્ઠું

## અલંકાર શાસ્ત્ર

**સંસ્કૃત** ભાષામાં અલંકાર શાસ્ત્ર સ્વતંત્ર શાસ્ત્ર તરીકે પ્રસિદ્ધ છે. આ શાસ્ત્રના ગ્રન્થોની રચના આજથી દોઢ હજાર વર્ષો પહેલાં થતી આવી છે. સાધારણ રીતે અલંકાર શાસ્ત્રના

ગ્રન્થો એક જ વાતનું પ્રતિપાદન કરનારા હોય છે તેમ નથી પરંતુ આમાં પણ અનેક ભેદ છે. સંસ્કૃતમાં કેવલ કાવ્યના બાહ્ય અંગોનું જ અધ્યયન કરવામાં આવેલ નથી પરંતુ શબ્દ તથા અર્થ દોષો અને ગુણોનું સૂક્ષ્માતિ સૂક્ષ્મ અવલોકન કરવામાં આવેલ છે. સાથો સાથ અલંકારિક ગુણ-દોષોનું વિવેચન કરીને પોતાની જાતને સમર્થ માનતા નથી પરંતુ કાવ્યના આત્માનું સમીક્ષણ પણ પોતપોતાની દૃષ્ટિથી કરતા જોવા મળે છે.

પહેલાં અલંકાર શાસ્ત્ર નાટ્ય શાસ્ત્રનો એક ભાગ માનવામાં આવતો હતો, પરંતુ ભરતના પછી અલંકાર શાસ્ત્રે નાટ્ય શાસ્ત્રની પરતંત્રતાની બેડીને પોતાની મેળે તોડી સ્વતંત્ર શાસ્ત્ર તરીકે રૂપ ધારણ કર્યું. આ અલંકાર શાસ્ત્રના સમયે નવા સંપ્રદાયો ઉત્પન્ન થયેલ જોવા મળે છે તેમાંના અમુક મુખ્ય સંપ્રદાયોનું વર્ણન નીચે પ્રમાણે છે.

**અલંકાર સંપ્રદાય**—આ સંપ્રદાય કાવ્યમાં અલંકારને જ મુખ્ય માનવા લાગ્યા. તેમના મતમાં તો જેમ અગ્નિ દાહ વિનાનો હોય તેમ માનવું ઉપહાસાસ્પદ છે તેમ કાવ્ય અલંકાર વિનાનું હોય તો તે નિતાન્ત મશ્કરીને પાત્ર છે.

**રીતિ સંપ્રદાય**—આ સંપ્રદાય "રીતિરાત્માકાવ્યસ્ય" માનતો હતો. આમના વિચારમાં ગુણોની સત્તા માનવી આવશ્યક છે. ગુણો દશ છે—શ્લેષ, પ્રસાદ, સમતા, માધુર્ય, સુકુમારતા, અર્થ વ્યક્તિ, ઉદારત્વ, ઓજ, કાન્તિ અને સમાધિ. આ ગુણોનું અસ્તિત્વ સ્વીકારનાર આ સંપ્રદાય છે. આ સમ્પ્રદાયના આચાર્ય દંડી કવિ છે.

**વક્રોક્તિ સમ્પ્રદાય**—આ સમ્પ્રદાયના પ્રવર્તક "કુન્તક" અલંકારિક હતા તે વક્રોક્તિને જ કાવ્યનું સર્વસ્વ માનતા હતા. આ વક્રોક્તિ અલંકાર નથી પરંતુ સર્વ સાધારણ મનુષ્યના કથનથી વિચિત્ર રીતે કહેવું તે છે.

**ધ્વનિ સમ્પ્રદાય**—જે કાવ્યમાં વાચ્યની અપેક્ષાએ વ્યંગ્યની પ્રધાનતા હોય તે કાવ્ય શ્રેષ્ઠ છે આમ ધ્વનિ સમ્પ્રદાય માને છે.

**ઔચિત્ય સમ્પ્રદાય**—આ સમ્પ્રદાયાનુસાર કાવ્યમાં ઔચિત્યનો વિચાર મુખ્ય માનવામાં આવે છે. જે વસ્તુ રસ, ગુણ તથા સન્દર્ભના અનુકૂળ હોય તેને કાવ્યમાં સ્થાન આપવું જોઈએ. આ સમ્પ્રદાયના પ્રધાન અલંકારિક ક્ષેમેન્દ્ર હતા.

હવે ભિન્ન ભિન્ન સમ્પ્રદાયોના મુખ્ય આચાર્ય તથા તેમની કૃતિ આ પ્રમાણે છે.

**ભરત મુનિ**—નાટ્ય અને અલંકાર વિષયક પ્રાચીનતમ ગ્રન્થ ભરત મુનિનો **નાટ્ય શાસ્ત્ર** જોવા મળે છે. જેમાં અલંકાર, સંગિત, છન્દ વિગેરે શાસ્ત્રોના મૂલ સિદ્ધાન્તોનું વિશદ વર્ણન કરેલ છે. આ ગ્રન્થમાં ૩૬ અધ્યાયો તથા પાંચ હજાર શ્લોકો છે. આમાં સૂત્રભાષ્ય, કારિકા

અને અનુવંશ્ય શ્લોકો આ પ્રમાણે ત્રણ અંશો છે. ભરત મુનિ રસ સમ્પ્રદાયના આચાર્ય હતા. આ મુનિનો સમય ઇ. પૂ. પ્રથમ શતાબ્દિ આસપાસ મનાય છે.

**ભામહ**—આ આચાર્ય કૃત "**કાવ્યાલંકાર**" નામનો ગ્રન્થ છે. આ ગ્રન્થમાં ૬ પરિચ્છેદો છે જેમાં કાવ્ય સાધના, કાવ્ય લક્ષણ, કાવ્ય ભેદ, અલંકાર, ભરત પ્રદર્શિત દશ દોષનું સાંગોપાંગ વર્ણન કરવામાં આવેલ છે. આ ગ્રન્થમાં ૪૦૦ શ્લોકો છે. તેમનો સમય પાંચમી શતાબ્દિનો મનાય છે.

**દંડી કવિ**—કવિવર દંડીનો "**કાવ્યાદર્શ**" અત્યંત લોક પ્રિય ગ્રન્થ છે. આ ગ્રન્થનો ભિન્ન ભિન્ન ભાષામાં અનુવાદ થયેલ છે. આમાં ચાર પરિચ્છેદ તથા ૬૬૦ શ્લોકો છે. પ્રથમ પરિચ્છેદમાં કાવ્ય લક્ષણ, બીજા પરિચ્છેદમાં ૩૫ અલંકાર લક્ષણો અને ઉદાહરણો, તૃતીય પરિચ્છેદમાં શબ્દાલંકારોનું વર્ણન, ચોથા પરિચ્છેદમાં દશ પ્રકારના દોષ લક્ષણ અને ઉદાહરણો આપેલ છે.

**ઉદ્‌ભટ**—આ અલંકારિકની "કાવ્યાલંકાર સાર સંગ્રહ" નામની રચના છે. આમાં અલંકારોનું વિશેષ રૂપથી વર્ણન કરવામાં આવેલ છે. તે કાશ્મીરના રાજા જયાપીડના સભા પંડિત હતા. એક કલ્હણના કથનાનુસાર તેમનો એક દિવસનો પગાર એક કરોડ સોનામહોરો હતી.

**વામન**—આ આચાર્યનો "**કાવ્યાલંકાર**" નામનો સુપ્રસિદ્ધ અલંકારિક ગ્રન્થ છે. આ ગ્રન્થમાં ૩૧૯ સૂત્રો છે. આ ગ્રન્થના પાંચ અધિકરણો છે, જેમાં કાવ્ય પ્રયોજન, રીતીઓ, દોષો, ગુણો. તથા તેના ભેદો અને શબ્દાર્થલંકારોનું વર્ણન છે. આ આચાર્ય પણ જયાપીડના સભાપતિ હતા. તેથી તેમનો સમય આઠમી શતાબ્દિનો ઉત્તરાર્ધ મનાય છે.

**આનન્દવર્ધન**—ધ્વનિ સમ્પ્રદાયના આચાર્યોમાં આનન્દવર્ધન, અભિનવગુપ્ત, મમ્મટ, વિશ્વનાથ તથા પંડિતરાજ જગન્નાથ મુખ્ય છે. આનન્દવર્ધનનો સમય નવમી શતાબ્દિનો છે. આ આચાર્ય જેવા મૌલિક આલોચક સંસ્કૃત સાહિત્યમાં બીજા કોઇ નથી. ધ્વનિની વિવેચનામાં તેમની સૂક્ષ્મ બુદ્ધિનો આપણને પરિચય સારો મળે છે. તેમનો મુખ્ય ગ્રન્થ છે "**ધ્વન્યાલોક**" આ ગ્રન્થમાં ચાર ઉદ્યતો છે. જેમાં ધ્વનિ વિરોધિમતનું ખંડન, ધ્વનિ પ્રકાર વિવેચન અને ધ્વનિ મત પ્રતિપાદિત વિષયોનું સુંદર નિરૂપણ કરેલ છે. તેમની લેખન શૈલી પરમ પ્રૌઢ, પાંડિત્યપૂર્ણ અને મનોહારિણી છે.

**મમ્મટ**—ધ્વનિ મતના પરમાચાર્ય કાશ્મીર નિવાસી શ્રી મમ્મટનો પરમ પ્રસિદ્ધ "**કાવ્ય પ્રકાશ**" નામનો રત્ન ગ્રન્થ છે. કાવ્ય પ્રકાશમાં ત્રણ અંશો છે અને ૧૦ ઉલ્લાસો છે જેમાં કાવ્ય સ્વરૂપ, વૃત્તિ વિચાર, ધ્વનિ ભેદ, ગુણીભૂત વ્યંગ્ય, ચિત્ર કાવ્ય, દોષ–ગુણ, અલંકાર વિગેરેનું વિશદ વિવેચન કરેલ છે.

**કવિરાજ શ્રી વિશ્વનાથ**—ઉત્કલ રાજ્યના સાન્ધિવિગ્રહિક શ્રી વિશ્વનાથ કવિરાજે **"સાહિત્ય દર્પણ"** નામના સુપ્રસિદ્ધ ગ્રન્થની રચના કરી છે. આ કવિરાજનો સમય ઇ. સ. ચૌદમી શતાબ્દિમાં મનાય છે કારણ કે તેમણે અલ્લાઉદ્દીન ખિલજીનું વર્ણન કરેલ જોવા મળે છે. સાહિત્ય દર્પણના દસ પરિચ્છેદો છે. તેમાં સમગ્ર કાવ્યના અંગોની તેમજ નાટ્યના અંગોની ચર્ચા કરવામાં આવી છે. આ ગ્રન્થ અલંકાર શાસ્ત્રના મૂલ સિદ્ધાન્તના જ્ઞાન માટે છાત્રોને ઘણો ઉપયોગી છે તે કહેવું અતિશયોક્તિભર્યું નથી.

**કવિરાજ શ્રી જગન્નાથ પંડિત**—સાહિત્ય શાસ્ત્રના મર્મ જ્ઞાનના પ્રકાશક "રસગંગાધર" નામના ગ્રન્થને બનાવનાર કવિરાજ શ્રી જગન્નાથથી કોણ અપરિચિત હોઇ શકે? સર્વ સાહિત્યનો સાર સાહિત્ય જ છે આ વસ્તુને સ્પષ્ટ પ્રતિપાદન કરનાર પંડિતજીએ રસના નિરૂપણમાં જેવી રીતે દાર્શનિક સિદ્ધાન્તોનું પ્રતિપાદન પ્રૌઢતાથી કરેલ છે તે પ્રમાણે અલંકાર વિષયમાં પણ નિરૂપણ કરેલ છે. આ પ્રકાંડ પંડિતજી પછી અન્ય કોઇ દાર્શનિક પંડિત થયાં નથી તેમ મનાવું છે.

આ ઉપરાંત અનેક સાહિત્ય મર્મજ્ઞોએ આ દિશામાં પોતાના અનુપમ ગ્રન્થોની ભેટ આપણને આપી છે જેવી રીતે રુદ્રટનો કાવ્યાલંકાર અભિનવગુપ્તાચાર્યની ધ્વન્યાલોક ટીકા, કુન્તકનો વક્રોકિત જીવિતમ્, શ્રી મહિમ ભટ્ટનો વ્યક્તિવિવેક, ધનંજયનો દશરૂપક, ભોજ રાજાનો સરસ્વતી કંઠાભરણ, ક્ષેમેન્દ્રની ઔચિત્ય વિચાર ચર્ચા, આચાર્ય રુય્યકનો અલંકાર સર્વસ્વ, હેમચન્દ્રાચાર્યનો કાવ્યનુશાસન, રાજશેખરની કાવ્ય મિમાંસા, જયદેવનો ચન્દ્રાલોક, આપયદીક્ષિતનો કુવલયાનંદ અને દેવેશ્વરની કવિ કલ્પના વિગેરે અનેક ગ્રન્થો પ્રસિદ્ધ છે.

## પ્રકરણ સાતમું

# ધર્મ અને દર્શન શાસ્ત્ર

**માનવની** પ્રત્યેક પ્રવૃતિ ચાર પુરૂષાર્થ ઉપર રહેલ છે તે-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. મનુષ્ય ક્રમશઃ ઉન્નતિ કરી શકે અને અન્તે મોક્ષ નામના પુરૂષાર્થને પ્રાપ્ત કરી શકે તે માટે આપણાં પૂર્વજોએ અનેક અલભ્ય ગ્રન્થોની રચના કરેલ છે. સ્વાર્થની સાથે પરમાર્થનું સમ્પાદન, ઐહિક સુખની સાથે પારલૌકિક કલ્યાણનું વિધાન કરવું તેજ વૈદિક ધર્મનો સર્વદા ઉદ્દેશ્ય રહેલ હતો અને છે. તેથી ધર્મશાસ્ત્ર ગ્રન્થની રચના ઉપરાંત અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર, આયુર્વેદ વિગેરે વિષયોની પણ સૂક્ષ્માતિ સૂક્ષ્મ દૃષ્ટિથી વિવેચન કરી આપણું કલ્યાણ કરેલ છે. ટૂંકમાં માનવતા ચારેય પુરૂષાર્થોના સમાન અનુશીલન માટે સંસ્કૃતમાં આ વિરાટ સાહિત્યનો ઉદય તથા અભ્યુદય થયેલ છે કે જે બીજી ભાષામાં મળવો નિતાન્ત દુર્લભ છે.

ધર્મશાસ્ત્રનો ઉદય વૈદિકકાલથી થયો છે. વેદની શાખા સાથે સંબંધ રાખનાર અનેક ધર્મ સૂત્રોની રચના ઈ. સ. પૂર્વે પાંચમી–છઠ્ઠી શતાબ્દિમાં થઇ હતી. આ પછી સ્મૃતિ ગ્રન્થોની રચના થઇ. સ્મૃતિ શબ્દથી જ વેદના અંગો, ધર્મશાસ્ત્રો, ઇતિહાસ, પુરાણ વગેરે ગ્રન્થોનો બોધ થાય છે. આ છે તેનો વ્યાપક શબ્દાર્થ પરંતુ અમુક રીતે તેનો અર્થ કેવલ ધર્મશાસ્ત્રો પૂરતો જ થાય છે. જેમાં પ્રજાના કલ્યાણ માટે ઉચિત આચાર–વિચારનું સમાજ શાસનનું, નીતિ સદાચારના નિયમોનું સ્પષ્ટ વિવેચન જોવા મળે છે.

સ્મૃતિઓની સંખ્યા ૧૮ ગણાય છે, આ સ્મૃતિકારોમાં મનુ, યાજ્ઞવલ્કય, અત્રિ, વિષ્ણુ, હારીત, ઉષનસ્, અઙ્ગિરા, યમ, કાત્યાયન, બૃહસ્પતિ, પારાશર, વ્યાસ, દાસ, ગૌતમ, વશિષ્ઠ, નારદ, ભૃગુ અને શંખ મુખ્ય સ્મૃતિકારો છે.

સ્મૃતિઓમાં મનુસ્મૃતિ મુખ્ય ગણાય છે. આ સ્મૃતિના કર્તા પ્રજાપતિ સ્વાયમ્ભૂ મનુ કહેવાય છે. આ સ્મૃતિમાં ૧૨ અધ્યાયો છે. આ સ્મૃતિમાં માનવ જીવનના વિકાસ માટે દરેક વિષયો ઉપર વિવેચન કરવામાં આવેલ છે. આ ઉપરાંત યાજ્ઞવલ્કય સ્મૃતિ પણ પ્રસિદ્ધ છે. આ સ્મૃતિમાં આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત નામના ત્રણ અધ્યાયો છે, પહેલાં અધ્યાયમાં સ્નાતક વ્રત પ્રકરણ ભક્ષ્યાભક્ષ્ય પ્રકરણ, પ્રત્યશુદ્ધિ પ્રકરણ અને દાન પ્રકરણ એમ ચાર પ્રકરણો છે. બીજા અધ્યાયમાં સમાજમાં ચાલતા વ્યવહારોપયોગી વિગતવાર વિવેચન કરેલ છે અને ત્રીજા અધ્યાયમાં પ્રાયશ્ચિતના પ્રકારો તેમજ કાર્ય બતાવેલ છે.

**દર્શન શાસ્ત્ર**—આ જગતના દુઃખનો નાશ કરી વાસ્તવિક સુખ અને શાશ્વત શાન્તિ આપનાર જે શાસ્ત્રો છે તેને દર્શન શાસ્ત્ર કહેવામાં આવે છે દર્શનનો વ્યુત્પત્તિ અર્થ એ છે કે જેનાથી દર્શન થાય અર્થાત જેના જ્ઞાનથી જીવ, જગત અને બ્રહ્મનું દર્શન થાય–જ્ઞાન થાય. દર્શનનો ઉદય માનવ સમાજના કલ્યાણ માટે થયો છે. માનવ ત્રણ તાપોથી દુઃખી થતો હોય છે અને આ તાપોથી બચાવવાનું કાર્ય દર્શન શાસ્ત્ર કરે છે. જેઓ વિચાર તેવો આચાર આ નિયમાનુસાર, વિચાર નિરૂપણ દર્શન શાસ્ત્ર અને આચાર નિરૂપણ ધર્મશાસ્ત્ર કરે છે. ધાર્મિક આચાર વડે કાર્યાન્વિત નહિં થયેલ દર્શન શાસ્ત્રનું જ્ઞાન નિષ્ફલ જાય છે, તેમ દાર્શનિક વિચારોથી પરિપુષ્ટ થયા વિના ધર્મની સત્તા નિરાધાર છે. તેથી ધર્મશાસ્ત્ર અને દર્શન શાસ્ત્ર બન્ને આશ્રયાશ્રયી છે. અને આ બન્નેનો મેળાપ દુઃખથી છૂટવા માટે દર્શન શાસ્ત્રની ઉત્પત્તિ થઈ અને દુઃખ જ્ઞાન વિના દૂર થઇ શકતું નથી તે સનાતન સત્ય છે.

દર્શનનો ઉદય વૈદિક કાલમાં થઈ ચૂકયો હતો. ઋગ્વેદના અત્યંત પ્રાચીન યુગથી બે પ્રકારની પ્રવૃત્તિઓ જાણવા મળે છે. પહેલી પ્રવૃત્તિ પ્રજ્ઞામૂલક હતી જે તત્ત્વોનું વિવેચન બુદ્ધિથી કરી સફળતા મેળવતી હતી. બીજી તર્ક મૂલક હતી જે તત્ત્વોનું નિરિક્ષણ માટે

તાર્કિક બુદ્ધિનો ઉપયોગ કરતી હતી. આ પ્રવૃત્તિઓનાા મિશ્રણથી ભિન્ન ભિન્ન દર્શનોની ઉત્પત્તિ થઈ.

દર્શન શાસ્ત્રો નીચે પ્રમાણે છે- વૈશેષિક, ન્યાય, સાંખ્ય, યોગ, પૂર્વ મિમાંસા, વેદાન્ત, ચાર્વાક, જૈન દર્શન અને બૌદ્ધ દર્શન. આ બધા દર્શનોના સ્વતંત્ર સૂત્રો છે જેના ઉપર ભાષ્ય, વાર્તિક તથા વૃત્તિઓ સમય સમય ઉપર થતી ગઇ છે. વૈશેષિક દર્શનના પ્રણેતા કણાદ, ન્યાયના મહર્ષિ ગૌતમ, સાંખ્યના કપિલ, યોગના મહર્ષિ પંતજલી, પૂર્વ મિમાંસાના જૈમિની, વેદાન્તના મહર્ષિ વ્યાસ, ચાર્વાકના આચાર્ય બૃહસ્પતિ, જૈનના અરિહંત અને બૌદ્ધના ભગવાન બુદ્ધ છે.

આ દરેક શાસ્ત્રોના સિદ્ધાન્તો તથા ગ્રન્થોનું સંક્ષેપમાં વર્ણન આ પ્રમાણે છે.

**વૈશેષિક દર્શન**—આ દર્શનનો મુખ્ય અભિપ્રાય જગતના પદાર્થોના સ્વરૂપનું નિરૂપણ કરવાનું છે. આમના મતમાં દ્રવ્ય, ગુણ, કર્મ સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ એમ સાત પદાર્થો મનાય છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, કાલ, દિશા, આત્મા અને મન એ નવ દ્રવ્યો મનાય છે રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ, સંખ્યા, બુદ્ધિ વિગેરે ચોવીસ ગુણો મનાય છે. ઉત્ક્ષેપણ, અપક્ષેપણ, આકુન્ચન, પ્રસારણ અને ગમન પાંચ કર્મો છે. સામાન્ય એક, છ ભાવ પદાર્થ અને ચાર અભાવો માને છે. આ દર્શનના સૂત્રો લખનાર મહર્ષિ કણાદ છે. આના ઉપર ટીકા તથા આને અનુલક્ષીને ગ્રન્થો લખનાર અનેક છે જેમ કે- ઉદયનાચાર્યની કિરણાવલી ટીકા, શિવાદિત્યમિશ્રનો સપ્ત પદાર્થ, વિશ્વનાથની મુક્તાવલી અને અન્નંભટ્ટનો તર્ક સંગ્રહ વિશેષ પ્રસિદ્ધ છે.

**ન્યાય દર્શન**—ન્યાય દર્શનનું મુખ્ય લક્ષ્ય પ્રમાણ મિમાંસાને નક્કી કરવાનું છે પ્રમાણ એટલે શું અને કેટલા છે? આનું નિરૂપણ આ શાસ્ત્રમાં કરેલ છે. યથાર્થ અનુભવના ચાર પ્રમાણ છે-પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ. હેત્વાભાસનું સમ્યગ્ વિવેચન કરવામાં આવેલ છે. ચાર્વાક મત આ શરીરને જ આત્મા માને છે જ્યારે નૈયાયિકોએ અકાટ્ય યુક્તિથી દેહ, મન તથા બુદ્ધિથી અલગ સિદ્ધ કરે છે. બૌધદાર્શનિકોની સાથેના શાસ્ત્રાર્થના પ્રસંગથી આ દર્શનનો ઘણો વિકાસ થયો છે. ન્યાયના સૂત્રો લખનાર ગૌતમ થઇ ગયા જેમનો સમય વિક્રમ સંવતની પહેલાં ચારસોનો મનાય છે. આ સૂત્રો ઉપર મહર્ષિ વાત્સ્યાયને (બીજા શતકમાં) ભાષ્ય લખ્યું. આ ઉપરાંત અનેક આચાર્યોએ ટીકા કરી છે. નવ્ય ન્યાયના પ્રવર્તક મૈથિલી પંડિત ગંગેશ ઉપાધ્યાય છે જે ૧૩મી સદિમાં થઇ ગયા. તેમનો યુગાન્તરકારી ગ્રન્થનું નામ "તત્વ ચિન્તામણિ" છે જે મતને જગદીશ ભટ્ટાચાર્ય તથા ગદાધરે વિકસિત કર્યો છે.

**સાંખ્ય દર્શન**—સાંખ્ય દર્શનનું મુખ્ય લક્ષ્ય પુરૂષ અને પ્રકૃતિને સમજાવવાનું છે.

આ મતના અનુસાર જગતના પદાર્થો ૨૫ છે. જગતના મૂલમાં પ્રકૃતિ અને પુરૂષ એ તત્વ છે. પ્રકૃતિ સ્વયં જડ છે, પરંતુ તેમાં ક્રિયા કરવાની શક્તિ રહેલી છે. પુરૂષ ત્રિગુણોથી ભિન્ન વિવેકી તથા ચેતન છે. આમાં ક્રિયા કરવાની શક્તિ નથી પરંતુ તે ચેતન છે. પુરૂષ અને પ્રકૃતિના સંયોગથી સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે. લંગડા અને આંધળા પુરૂષોની ઉપમા લાયક પ્રકૃતિ અને પુરૂષ છે. સાંખ્ય મત કારણમાં પહેલાથી જ કાર્ય રહેલું માને છે. કાર્ય કોઇ નવો પદાર્થ નથી પરંતુ કારણનું નવું સ્વરૂપ છે. પુરૂષ અને પ્રકૃતિનું અજ્ઞાન એટલે સંસાર અને તે બન્નેનું સમ્યક જ્ઞાન એટલે મોક્ષ. આ દર્શનના પ્રણેતા કપિલ મુનિ છે.

**યોગ દર્શન**—ચિત્ત વૃત્તિના નિરોધને યોગ કહે છે. જ્ઞાનની સિદ્ધિ માટે યોગના આઠ અંગો છે—યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. યમના સત્ય, અહિંસા અસ્તેય, બ્રહ્મચર્ય અને અપ્રતિગ્રહ પાંચ ભેદ છે. નિયમના શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય તથા ઇશ્વર પ્રતિ ધ્યાન પાંચ ભેદ છે. સ્થિર સુખ-પૂર્વક બેસવું તેનું નામ આસન. શ્વાસની ગતિને રોકવું તે પ્રાણાયામ. અંતર્મુખી ઇન્દ્રિયો થાય તેને પ્રત્યહાર કહેવાય છે. કોઇ પ્રદેશમાં ચિત્તનું ધ્યાન કરવું તે ધારણા કહેવાય. એકાગ્ર ચિત્ત તેનું નામ ધ્યાન. વિક્ષેપોને દૂર કરીને એકાગ્ર બનવું તેનું નામ સમાધિ કહેવાય.

યોગના આદિ આચાર્ય પતંજલી છે. જેમનો સૂત્ર ગ્રન્થ યોગસૂત્ર છે. આ ગ્રન્થ ઉપર વ્યાસ ભાષ્ય અત્યંત પ્રમાણિક છે.

**મિમાંસા દર્શન**—મિમાંસાનો ઉદ્દેશ્ય વૈદિક કર્મકાંડના વાક્યોના અર્થનું સમ્યક્તયા નિરૂપણ કરવાનો છે. આ મત કર્મ ઉપર વિશેષ ભાર આપે છે. કર્મ જ બધા ફળના દાતા છે. વેદ વિહિત કર્મ તે ધર્મ છે અને તે કર્મથી અપૂર્વ ઉત્પન્ન થાય છે, અને આનાથી ફલ પ્રાપ્તિ થાય છે. મિમાંસકો વેદને અપૌરૂષેય માને છે. આ મતના સૂત્ર રચયિતા મહર્ષિ જૈમિની છે, અને ભાષ્ય લેખક છે શબર મુનિ. આ ભાષ્ય ઉપર કુમારિલ ભટ્ટે તથા પ્રભાકર ભટ્ટે ટીકાઓ લખી છે. કુમારિલ ભટ્ટે શ્લોક વાર્તિક અને તન્ત્ર વાર્તિકની રચના કરી મિમાંસા શાસ્ત્રનો અત્યંત પ્રચાર કર્યો છે.

**વેદાન્ત દર્શન**—વેદાન્ત દર્શનની અનેક શાખાઓ છે. ઉપનિષદો જ મુખ્ય વેદાન્ત છે અને શ્રુતિના મુખ્ય સિદ્ધાંતના પ્રતિ પાદક છે. વેદાન્ત સૂત્રોની રચના મહર્ષિ વ્યાસે કરી અને તેના ઉપર ભિન્ન ભિન્ન સમયે ભિન્ન ભિન્ન આચાર્યોએ પોતાના મતાનુસાર ભાષ્ય લખ્યાં. આ ભાષ્યોમાં શંકરાચાર્યનું ભાષ્ય અતિ પ્રસિદ્ધ છે. તેઓ અદ્વૈત વેદાન્તના પ્રતિષ્ઠાપક થઇ ગયા. આ મતનો સિદ્ધાન્ત એ છે કે બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. જીવ અને બ્રહ્મની એકતા માનવાથી આ મત અદ્વૈત કહેવાય છે. આ મતનું વિશાલ સાહિત્ય છે. શંકરાચાર્યના

શિષ્યોમાં મંડનમિશ્ર તથા પદ્મપાદાચાર્ય મુખ્ય છે. વાચસ્પતિમિશ્રે ભામની નામની શાંકર ભાષ્ય ઉપર વ્યાખ્યા લખી છે. મધુસુદન સરસ્વતીનો "અદ્વૈત સિદ્ધિ" નામનો નિતાન્ત પ્રૌઢ અને પ્રસિદ્ધ ગ્રન્થ છે. બ્રહ્મ સૂત્ર લખનાર વ્યાસજીનો સમય વિક્રમની પહેલાં છઠ્ઠો શતાબ્દિનો હાલના ઐતિહાસિકો માને છે. પાણિનિ મુનિ પહેલાં થઇ ગયા તે સનાતન સત્ય છે. મૂલ બ્રહ્મ સૂત્રો ૫૫૦ છે. આ બ્રહ્મ સૂત્ર ઉપર અનેક આચાર્યોએ ભાષ્ય લખ્યું છે તે આ પ્રમાણે છે.

| આચાર્યનું નામ | સમય | ભાષ્ય નામ | મતનું નામ |
|---|---|---|---|
| આદ્યશંકરાચાર્ય | ૭૦૦ શતાબ્દિ | શારીરિક ભાષ્ય | અદ્વૈત મત |
| ભાસ્કર ,, | ૧૦૦૦ ,, | ભાસ્કર ભાષ્ય | ભેદાભેદ મત |
| રામાનુજ ,, | ૧૧૪૦ ,, | શ્રી ભાષ્ય | વિશિષ્ટાદ્વૈત |
| મધ્વ ,, | ૧૨૩૮ ,, | પૂર્ણપુરી ભાષ્ય | દ્વૈત મત |
| નિમ્બાર્ક ,, | ૧૨૫૦ ,, | વેદાન્ત પારિજાત ભાષ્ય | દ્વૈતાદ્વૈત |
| શ્રીકંઠ ,, | ૧૨૭૦ ,, | શૈવ ભાષ્ય | શૈવવિશિષ્ટદ્વૈત મત |
| શ્રીપતિઆચાર્ય | ૧૪૦૦ ,, | શ્રીકર ભાષ્ય | વીરશૈવવિશિષ્ટાદ્વૈત |
| વલ્લભ ,, | ૧૫૦૦ ,, | અણુ ભાષ્ય | શુદ્ધાદ્વૈતમત |
| વિજ્ઞાનભિક્ષુ ,, | ૧૬૦૦ ,, | વિજ્ઞાનમૃત ભાષ્ય | અવિભાગાદ્વૈત |
| બલદેવ ,, | ૧૭૨૫ ,, | ગોવિન્દ ભાષ્ય | અચિન્ત્યભેદાભેદ |

વેદાન્ત સાહિત્ય અત્યંત વિશાલ છે. આટલા ભાષ્યોની જુદા જુદા અનેક ગ્રન્થોની રચના થયેલી છે. તેમાંના પ્રત્યેક સામ્પ્રદાયિક ગ્રન્થોની સંખ્યા પણ અતિ વિપુલ છે તેથી તેમની ગણત્રી થઇ શકે તેમ નથી, તથાપિ મુખ્ય મુખ્ય ગ્રન્થોની સૂચી અત્યંત સક્ષેપમાં આ પ્રમાણે છે. ગૌડપાદની માંડુકયકારિકા, આચાર્ય સુરેશ્વરના તૈતિરીય અને બૃહદારણ્યભાષ્યની વાર્તિક, શ્રીપદ્મપાદાચાર્યની પંચપાદિકા નામની ટીકા, વાચસ્પતિની ભામતીટીકા, શ્રી હર્ષનો ખંડનખંડ ખાદ્ય, ચિત્સુખની તત્ત્વદીપિકા, વિદ્યારણ્ય સ્વામીનો પંચદશી ગ્રન્થ અપ્પયદીક્ષિતનો કલ્પતરૂ-પરિમલ નામનો ગ્રન્થ વિગેરે અનેક ટીકાઓ તથા ગ્રન્થો શાંકર મતના છે. અન્ય આચાર્યોના મતના અનેક પુસ્તકો છે અને તે અવર્ણનીય છે.

**ચાર્વાક દર્શન**—ચાર્વાક દર્શનની વિગત કડીબદ્ધ આપણાં જોવામાં આવતી નથી તેનું કારણ એ છે કે તે સિદ્ધાંતોનો પ્રચાર પ્રસાર થઇ શકે તેમ નથી. આ મતના પ્રણેતા બૃહસ્પતિ આચાર્ય છે. આ દર્શન પ્રત્યક્ષ જ પ્રમાણને માને છે. શરીર જ આત્મા છે અને મરણ તે મોક્ષ છે. અને આ જીવનમાં સુખ ભોગવવું તે સ્વર્ગ અને દુઃખ ભોગવવું તે નરક છે. કરજ કરીને પણ સુખપૂર્વક રહેવું કારણકે દેહના નાશ થયા પછી ફરીથી તે દેહ આવી શકતો

નથી તેથી કોઈ માગનાર આવશે નહિ. સ્વભાવથી જ જગત્ ઉત્પન્ન થાય છે અને નાશ થાય છે. આ સિદ્ધાન્ત ઇશ્વરને માનતો નથી.

**જૈન દર્શન**—જૈન દર્શનના મતમાં સમ્યગ્-દર્શન, જ્ઞાન અને ચારિત્ર્ય આ ત્રણ સાધનો મોક્ષ માર્ગના છે. સમ્યગ દર્શનથી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. જીવ, અજીવ, આસ્રવ, બન્ધ, સંવર, નિર્જર અને મોક્ષ આ સાત પદાર્થોનું યથાયોગ્ય જ્ઞાન તે સમ્યક જ્ઞાન કહેવાય છે. સમ્યગ્ ચારિત્ર્ય પ્રાપ્તિ માટે અહિંસા, અસ્તેય, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, વ્રતપાલન જ્ઞાન પૂર્વક મન-વચન-કર્મથી પાલન કરવું જોઇએ. જૈન દર્શનનું સાહિત્ય અતિ વિપુલ છે. ઉમાસ્વાતિ વિરચિત તત્વાર્થસૂત્ર, કુન્દકુન્દાચાર્ય વિરચિત પ્રપંચસાર, સામન્ત ભદ્રની આપ્તમિમાંસા વધુ પ્રસિદ્ધ ગ્રન્થો છે. આ બધાનો સમય ત્રીજી શતાબ્દિ મનાય છે. મધ્ય યુગમાં જૈન દાર્શનિક સિદ્ધસેન, હરિભદ્ર, વિદ્યાનન્દ અને હેમચન્દ્રાચાર્યના નામો અતિ પ્રસિદ્ધ છે.

જૈન ધર્મના અનેક ફાટાઓ થઇ ગયા છે જેમકે શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથી વિગેરે. અમુક વર્ગ ૪૫ આગમોને માને છે ત્યારે અમુક વર્ગ ૩૨ આગમોને માને છે. અમુક મૂર્તિપૂજક છે ત્યારે અમૂક અમૂર્તિપૂજક છે. આ ઉપરાંત અનેક જૈન કવિઓએ સંસ્કૃત સાહિત્યની સેવા કરી છે. હિન્દુ ધર્મની જેમ જૈન ધર્મમાં ૨૪ પુરાણો છે. જે દરેક તીર્થંકરની કથા એક પુરાણમાં વર્ણવામાં આવેલ છે. તીર્થંકરો પણ ચોવીસ છે.

**૯ બૌદ્ધ દર્શન**—ભગવાન બુધ્ધે સ્થાપેલ ધર્મનું નામ બૌદ્ધ કહેવાય છે. આ ધર્મનું પણ વિશાલ સાહિત્ય છે. બુધ્ધે પોતાનો ઉપદેશ તે સમયની લોકભાષા પાલીમાં આપ્યો હતો. તેમના મૂલ ગ્રન્થો "ત્રિપિટક" નામથી પ્રસિદ્ધ છે. મહાયાન ધર્મમાં સંસ્કૃત ભાષામાં ગ્રન્થ લખાયેલ છે. આ બુદ્ધ દર્શનના મુખ્ય ચાર સંપ્રદાય છે.

વૈભાષિક, સૌત્રાન્તિક, યોગાચાર અને માધ્યમિક.

**સમ્પૂર્ણ**

## —: સૌરાષ્ટ્રમાં વસતાં અમુક સંસ્કૃત વિદ્વાનોની નામાવલિ :—

સ્વ. મ. મ. શ્રી હાથીભાઇ, સ્વ. મ. મ. શ્રી શંકરલાલભાઇ, સ્વ શ્રી ત્ર્યંબકરામભાઇ વે. આ. શ્રી શાન્તિપ્રસાદજી મહારાજ વે. આ. શ્રી લાભશંકરભાઇ વ્યા. આ. શ્રી રા. વિ. કૌન્ડિન્યજી M. A. B. T. કા તી. (સુવર્ણપદક) શ્રી કૃષ્ણવલ્લભાચાર્ય ન્યા. આ. શ્રી શ્રી શિવશંકરભાઇ સા. વ્યા. આ. શ્રી મહાશંકરભાઈ વે શા. સ્વ, શ્રી હરિશંકરભાઇ મિ. શા. સ્વ. શ્રી ભાનુશંકરભાઈ, શ્રી કરુણાશંકરભાઇ, પં. શ્રી શ્યામસુન્દરભાઇ, શ્રી હરિલાલભાઇ વ્યા. આ. શ્રી નર્મદાશંકરભાઇ જ્યૌ. આ. શ્રી ગિરીશભાઈ વે. આ. શ્રી વ્રજલાલભાઈ વે. શા.

શ્રી વિનાયકભાઇ આ. આ. શ્રી લાલજીભાઈ વે. આ. શ્રી ચિમનલાલભાઈ વે. આ. શ્રી મગનલાલભાઇ સા. આ. શ્રી પુરૂષોત્તમભાઇ સા. આ. શ્રી બાલકૃષ્ણભાઇ સા. આ. શ્રી જેઠાલાલભાઈ વે. શા. પં. શ્રી જટાશંકરભાઈ, શ્રી ગોમતીપ્રસાદજી વે. શા. શ્રી વ્રજમોહનપ્રસાદજી આ. આ. શ્રી કેશવલાલભાઈ ન્યા. આ. શ્રી પ્રાણલાલભાઇ વે. આ. શ્રી વિશ્વનાથભાઇ વ્યા. આ. શ્રી ચંદુલાલભાઇ કાવ્યતીર્થ, શ્રી નર્મદાશંકર જ. રાવલ સા. આ. શ્રી કીર્ત્યાનંદભાઇ સા. આ. શ્રી જગદીશભાઈ સા. આ. શ્રી ગાંડાલાલભાઇ સા. આ. શ્રી શિવશંકરભાઇ મહુવા વ્યા. આ. શ્રી મૂળશંકરભાઇ જ્યૌ. શા. શ્રી ભૂપતરાયભાઇ વે. આ. શ્રી જયકૃષ્ણભાઈ કા. તી. શ્રી કેશવલાલભાઈ વે. આ. શ્રી મધુકાન્તાબેન કા. તી. શ્રી લાભશંકરભાઈ કા. તી વિષ્ણુપ્રસાદભાઇ વે. શા. શ્રી પન્નાલાલ મિશ્ર સા. શા. શ્રી ટિકાનંદ ઉપાધ્યાય કા. તી. જયન્તિભાઇ કા. તી. બળવંતભાઈ કા. તી. શ્રી દામજીભાઈ મધ્યમા. શ્રી ભાનુશંકરભાઈ, શ્રી નંદલાલભાઇ વ્યા. તી. શ્રી નટુભાઇ કા. તી. શ્રી લાલજીભાઇ, એટ. કુન્દનલાલભાઈ મધ્યમા. શ્રી પ્રભુલાલ જાનિ સા. શા. શ્રી. રવિશંકરભાઇ, શ્રી. કામેશ્વરભાઈ સા. શા. શ્રી વિજયશંકરભાઇ કા. તી. શ્રી છેલશંકરભાઈ વ્યા. શા. શ્રી અંબાશંકરભાઇ સા. શા. શ્રી લાભશંકરભાઇ આ. આ. શ્રી પુરણદાસ સાધુ વ્યા. આ. શ્રી ગૌતમલાલ દવે M. A. વ્યા. શા. શ્રી મણિશંકર ભટ્ટ, શ્રી વામનરાવભાઇ, શ્રી મોતિલાલભાઈ, શ્રી મણિશંકરભાઇ જાનિ આયુર્વેદાલંકાર, શ્રી રતિલાલભાઇ કા. તી. શ્રી કૃષ્ણલાલભાઇ કા. તી. શ્રી વ્રજલાલભાઈ કા. તી શ્રી કનૈયાલાલભાઇ કા. તી. શ્રી મનહરભાઇ, શ્રી સોમનાથભાઈ કા. તી. શ્રી લાભશંકરભાઇ રાવલ કા. તી. શ્રી હરિલાલ મહેતા કા. તી. શ્રી ગિરજાશંકરભાઇ વ્યા. આ. શ્રી હરિભજનદાસજી વે. આ.

આ ઉપરાંત અનેક વિદ્વાનો છે જેમની નામાવલિ મળી શકી નથી.

મ. મ.=મહામહોપાધ્યાય, વે. આ=વેદાન્તાચાર્ય, સા. આ. સાહિત્યાચાર્ય, ન્યા. અ.= ન્યાયાચર્ય, વ્યા. આ.=વ્યાકરણાચાર્ય, વે શા =વેદાન્તશાસ્ત્રી, વ્યા. શા =વ્યાકરણશાસ્ત્રી, સા. શા =સાહિત્યશાસ્ત્રી, કા. તી=કાવ્યતીર્થ, સા. વિ. સાહિત્ય વિશારદ, સા. રત્ન=સાહિત્ય રત્ન આ આ=આયુર્વેદાચાર્ય, મિ. સા =મિમાંસાશાસ્ત્રી જ્યૌ. આ.=જ્યૌતિષાચાર્ય, જ્યોતિષશાસ્ત્રી. મુંબઈ રાજ્યે તેમજ અન્ય રાજ્યોએ મધ્યમા=S. S. C. શાસ્ત્રી=B. A. આચાર્ય-M. A. તીર્થ-S S. C. સમાન માનેલ છે અને તેનો પગાર આપે છે.

સંસ્કૃત વર્તમાનપત્રોની અમુક યાદી—સંસ્કૃત ભવિતવ્યમ્ (સા) સંસ્કૃત સાકેત (સા) ભારતવાણી (પા) ભારતી (મા) ઉદ્યાનપત્રિકા (મા) વિદ્યા (મા) મંજુષા (મા) મધુરવાણી (મા) સારસ્વતી સુષમા (ત્રૈ. મા.) વિગેરે. આ દરેક પત્રોના સરનામા વિગેરેની માહિતી માટે આપુસ્તિકાના લેખકને લખો. સા-સાપ્તાહિક, પા-પાક્ષિક, મા-માસિક, ત્રૈ. મા-ત્રૈમાસિક.

# શ્રી જુવાનસિંહજી જસવંતસિંહજીની જીવન ઝરમર

શ્રી દયાનિધિ પરમેશ્વરે પોતાની અપ્રતિમ કરુણાને લીધે સર્વ લોકોને અનેક પ્રકારના લાભ અને આનંદ આપવા માટે જ જગતમાં અનેક રત્નો રચેલાં છે, રચાય છે અને રચાશે. તેમાંના કેટલાંક સ્થાવર અને જંગમ રત્નો હોય છે. સ્થાવર રત્ન કરતાં જંગમ રત્ન લાખગણું શ્રેષ્ઠ હોય છે. આવા જંગમ રત્નોમાં પણ માનવ રત્ન સર્વોત્તમ છે. માનવ રત્નથી કુળ, જ્ઞાતિ. નગર અને દેશ શોભે છે. ઉત્કૃષ્ટ માનવ રત્નથી વિશ્વ પણ તેજસ્વી બને છે. આવા માનવ રત્નની પ્રાપ્તિ થવી તે પુણ્યની નિશાની છે અને અકાળે ચાલ્યા જવું તે દૈવી પ્રકોપ છે.

મિત્રો, હું પણ એવા જ માનવ રત્નની જીવન ઝરમર લખીને તેનું કંઇક ઋણ ચૂકાવું છું. શ્રી રાજરાજેશ્વરની કૃપાથી પ્રૌઢ પ્રતાપ નેક નામદાર શ્રી ભાવનગર મહારાજાશ્રી જસવંતસિંહજીસાહેબના પ્રતાપ અને કીર્તિથી કોણ અજાણ્યું હોઇ શકે? એ નામદાર સાહેબ ભાવનગરની રાજ્ય ગાદીએ ૧૮૫૪માં આવ્યા, રાજ્ય સિંહાસન ઉપર બિરાજી અનેક લોકોપકારી કાર્ય કર્યાં. તેઓના પાટવી પુત્રનું નામ શ્રી તખ્તસિંહજી મહારાજ હતું, અને બીજા રાણી શ્રી હિરજીબા સાહેબાથી રાજકુમાર શ્રી જુવાનસિંજીનો જન્મ ૧૮૬૨માં થયો. "પુત્રના લક્ષણ પારણામાં" આ કહેવત્ અનુસાર રાજકુમાર અત્યંત તેજસ્વી અને ચપળ હોઈ રાજ્યકુટુમ્બમાં આનંદ છવાઈ ગયો. રાજકુમાર ચંદ્રની માફક પ્રતિદિન વૃદ્ધિ પામતા ગયા. નાનપણથી જ તેઓ નિડર અને સ્પષ્ટ વક્તા હતા. રાત દિવસો વિતતા ગયા. રાજકુમારની ઉંમર આઠ વર્ષની થઈ હશે ત્યાં તો કાલ ભગવાનની ગહનગતિના ચક્રથી મહારાજા શ્રી જસવતસિંહજી સાહેબે આ સાંસારિક સર્વ દુઃખોથી મુક્ત થઈ અસાર સંસારનો સદા માટે ૧૮૭૦માં ત્યાગ કર્યો. અચાનક આવી પડેલ અકસ્માતથી રાજ્યકુટુમ્બમાં હાહાકાર મચી ગયો, પરંતુ વિધાતાની લીલા અગમ્ય છે. મહારાજા શ્રી તખ્તસિંહજી સાહેબ નાના હોવાથી શ્રીયુત ગૌરીશંકર ઉદયશંકર ઓઝાના જોઇન્ટ એડમીનીસ્ટ્રેશનથી મહારાજાની મોટી ઉંમર થતાં સુધી કારભાર ચલાવવાનું નક્કી થયું. રાજ્ય પ્રણાલિકા મુજબ શ્રી જુવાનસિંહજીને નાના હોવાથી ગરાસમાં તળાજા પંથકના ધાટરવાળા, દેવડીયા અને કુંઢડા એમ ત્રણ ગામો આપવામાં આવ્યા. રાજકુમારે પ્રાથમિક અભ્યાસ ભાવનગરમાં ૧૩-૧૪ વર્ષની ઉંમરમાં પૂરો કર્યો ત્યારે તેઓશ્રીની કુશાગ્ર બુદ્ધિ જોઈ મહારાજા શ્રી તખ્તસિંહજી સાહેબે રાજકુમાર કોલેજ, રાજકોટમાં અભ્યાસાર્થે મોકલ્યા. અભ્યાસમાં તેમજ અન્ય કોલેજની પ્રવૃત્તિઓમાં આગળ પડતા રાજકુમારને જોઇને તે વખતના પ્રિન્સિપાલ શ્રી ચેસ્ટરમેકનોટન અને અન્ય અધ્યાપકો ઘણાં ખુશ થતા હતા. ચાર વર્ષના અભ્યાસ બાદ રાજકુમાર જ્યારે ભાવનગર પધાર્યા ત્યારે પ્રિન્સિપાલે મહારાજા શ્રી તખ્તસિંહજી સાહેબ ઉપર પત્ર લખ્યો કે આપશ્રી રાજકુમારને વધુ અભ્યાસાર્થે ઇંગ્લાન્ડ મોકલશો તો ભવિષ્યમાં તેઓ ઘણા યશસ્વી થશે. આ રીતે પ્રિન્સિપાલના પ્રમાણપત્રથી મહારાજા સાહેબની છાતી ગજએકની ફૂલી ગઇ, કારણ પોતાના નાના ભાઇના

ઉત્કર્ષને જોઇને આનંદ ન અનુભવે? આ અરસામાં રાજકુમારના લગ્ન સાણોદરવાળા "બાઇસાહેબઆ સાથે થયા. આ વખતે કુમારશ્રીની ઉંમર ૧૮ વર્ષની હતી. આ સમયમાં દરીયાપાર જવું એ અભડાઈ જવા જેવું હતું, મહારાજા સાહેબે દઢતાથી રાજકુમારશ્રી જુવાનસિંહજીને ઉચ્ચ અભ્યાસ ઈંગ્લાન્ડ મોકલ્યા, રાજકુમાર ઘણી ખંતથી કેમ્બ્રીજમાં અભ્યાસ કરવા લાગ્યા. તેમને વિજ્ઞાનનો અ કલા (ફોટોગ્રાફી)નો ખૂબ શોખ હતો. બે વર્ષમાં તે કોલેજના અધ્યાપક વર્ગનો પ્રેમ જીતી સ્વદે પાછા ફર્યા. રાજકુમારનું સ્વાગત રાજ્યકુટુમ્બે તથા જનતાએ સારી રીતે કર્યું. તે વખતે રાજકુમ મહેતા શેરીમાં આવેલ જુવાનસિંહજી દરબારગઢ નામે પ્રસિદ્ધ થયેલ ડેલામાં રહેતા હતા. ઈંગ્લાન્ડથી આવ્યા બાદ તેઓએ પોતાના મકાનમાં એક રૂમને વર્કશોપ તરીકે સ્થાપ્યો. તેમાં તેઓ ફોટોગ્રાફી, કારપેન્ટરી, ગીલ્ડીંગ, એનેમેલિંગ વિગેરે કાર્ય કરતા હતા. તે સમયે ફોટાની પ્લેટો તૈયાર ન આવવાથી પોતે ઘેર બનાવતા હતા. તેઓએ નવરાત્રિ સમયે મહેતા શેરીના ચોકમાં વિજળી ચાલુ કરી જનતાને આશ્ચર્ય ગરકાવ કરી હતી. વિદ્યાપ્રેમી ખૂબ જ હતા. પ્રતિદિન નવું નવું જાણવાની ધગશ રાખતા હતા. તે જ વખતમાં સ્થપાયેલ શામળદાસ કોલેજમાં જઇ વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનનો લાભ આપતા હતા. કોલેજની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઇ તે સમયના પ્રોફેસર ઉનાવાળા વિગેરેના પ્રિય મિત્ર થઇ ગયા હતા. રાજકુટુમ્બમાં પણ તેમની નિડરતા અને સ્પષ્ટ વક્તૃત્વની સારી એવી છાપ હતી. મહારાજા સાહેબ પણ પોતાના લઘુબંધુની સુંદર પ્રવૃત્તિઓ જોઇને ખૂબ જ ખુશ થયા હતા. આ પ્રમાણે તેમણે ૧૮૮૨ થી ૧૮૮૪ સુધીના બે વર્ષના ટૂંકા સમયમાં અત્યંત પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી લીધી હતી. પરંતુ વિધાતાની અગમ્ય લીલાને કોણ સમજી શકયું છે? રાજકુમારની ઉજ્વળ કીર્તિને જોઇને વિધાતાને પણ ઇર્ષ્યા ન આવી હોય તેથી રાજકુમારને ટૂંકી બિમારીમાં ૧૮૮૪માં સંવત ૧૯૪૦ આસો શુદ ત્રીજના રોજ ૨૨ વર્ષની ટૂંકી ઉંમરમાં નશ્વર પંચમહાભૌતિક પદાર્થોનો તે તે પદાર્થમાં લય કરાવી યશઃ કાયને છોડી પોતાના અક્ષય સ્થાને લઇ ગયા. આથી રાજકુટુમ્બમાં તેમજ જનતાએ પારાવાર દુઃખ અનુભવ્યું. મહારાજા સાહેબે નિડર અને સ્પષ્ટ વક્તા લઘુબંધુ ગુમાવ્યો, માતા શ્રી હિરજીબાનો આશાદીપક બુઝાયો, શ્રી બાઇસાહેબબાએ પોતાનું સર્વસ્વ ગુમાવ્યું અને નગરે એક મહાન પુરૂષ ગુમાવ્યો. આ કારમા પ્રસંગથી માતુશ્રીનું હૃદય ખૂબ જ ઘવાયું અને તેઓશ્રીએ રાજકુમારના પુણ્ય સ્મરણાર્થે જુવાનસિંહજી સંસ્કૃત પાઠશાળા અને જુવાનસિંહજી મંદિર બંધાવ્યું. મહારાજા સાહેબે જુવાનસિંહજી દવાખાનું બંધાવ્યું અને ઉપરના બંને સ્થળોના નિભાવ માટે રાજ્ય ખર્ચ આપશે તેમ ઉદાર દિલે જાહેર કર્યું. ૧૮૯૦માં માતુશ્રી સ્વર્ગે સિધાવ્યા. સ્વ. જુવાનસિંહજી સાહેબના ઠકરાણા બાઇબાહેબબાએ આજીવન રાજ્યકુટુમ્બના ગૌરવને દીપાવનાર અનેક શુભ કાર્યો કરી ૧૯૩૫માં વિનાશી શરીરનો ત્યાગ કરી પતિલોક તરફ પ્રયાણ કર્યું.

— પ્રકાશક

શ્રી સત્યનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ : હાઇકોર્ટ રોડ : ભાવનગર

13